Tuesday, 01 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૦ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દાનહના રખોલી ખાતે જનજાતિય ગૌરવ વર્ષના ઉપલક્ષમાં ‘ધરતી આબા જન ભાગીદારી અભિયાન’નું કરાયું આયોજન

**રખોલી ગ્રામ પંચાયતમાં આયોજીત વિશેષ ગ્રામસભામાં પંચાયત વિભાગની જનતા માટે ૧૬ વિવિધ વિભાગોના સ્ટોલ દ્વારા પંચાયતના આંગણે વિવિધ યોજના-સેવાનો અપાયો લાભઃ ‘ધરતી આબા’ જન ભાગીદારી અભિયાન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સરકારી યોજનાઓ પ્રત્યે જન જાગૃતિ વધારવા અને સામાજિક તથા આર્થિક રૂપથી વંચિત સમુદાયોને આ યોજનાથી લાભાન્વિત કરવાનો હેતુ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૦**

ભારત સરકારના દિશા-નિર્દેશમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભગવાન બિરસા મુંડાની ઐતિહાસિક જન્મ શતાબ્દીને સમર્પિત ‘આદિવાસી ગૌરવ વર્ષ’ હેઠળ ૧૫ જૂન, ૨૦૨૫થી ૧૫મી જુલાઈ, ૨૦૨૫ દરમિયાન દેશભરમાં ‘‘ધરતી આંબા જનભાગીદારી અભિયાન’’ મોટા પાયે યોજાઈ રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ સરકારી યોજનાઓ વિશે જનજાગૃતિ વધારવાનો અને આ યોજનાઓનો સામાજિક અને આર્થિક રીતે વંચિત સમુદાયોને લાભ આપવાનો છે.

‘‘ધરતી આંબા જનભાગીદારી અભિયાન’’ અંતર્ગત દાદરા નગર હવેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો દ્વારા જિ.પ. અધ્યક્ષ શ્રી દામજીભાઈ કુરાડાના મુખ્ય અતિથિ પદે આજે ૩૦મી જૂનના રોજ વિશેષ ગ્રામસભા તથા રખોલી ગ્રામ પંચાયત ખાતે જિલ્લા સ્તરીય શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

રખોલી ગ્રામ પંચાયત ખાતે આયોજીત જિલ્લા સ્તરીય શિબિરમાં ગ્રામ પંચાયતના લોકો માટે ૧૬ વિવિધ વિભાગોએ ભાગ લીધો હતો. જેમાં મામલતદાર કાર્યાલય, ગ્રામ પંચાયત રખોલી, ગેસ કનેક્શન, ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), પેન્શન યોજના, મનરેગા, ડે-એનઆરએલએમ, કૃષિ વિભાગ, શિક્ષણ વિભાગ, ટોરેન્ટ પાવર, સમાજ કલ્યાણ, આરોગ્ય વિભાગ, જમીન સંપાદન વિભાગ, આધાર સેવા કેન્દ્ર, બેંક ઈ-સ્ટોપ વગેરેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. અને સઘનતાથી જરૂરિયાતમંદ લાભાર્થીઓને લાભ આપવાના પ્રયાસો કરાયા હતા.

આ શિબિરમાં કુલ ૫૮૯ લાભાર્થીઓએ આગળ આવીને અરજી કરી હતી. જેમાં વધુમાં વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ અવસરે રખોલી ગ્રામ પંચાયતના લોકોએ પ્રશાસનનો આભાર માન્યો હતો.

## દમણના દેવકા ખાતે હોટલ પ્રિન્સેસ પાર્કમાં ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો દ્વારા એડીઈટીઆઈઆઈ યોજના અંતર્ગત સેમિનાર યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

ભારત સરકારના ઊર્જા મંત્રાલયના ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો દ્વારા આસિસ્ટન્સ ટુ ડેમોન્સ્ટ્રેટ એનર્જી એફિસિયન્ટ ટેક્નોલોજીસ ઇન ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ (એડીઈટીઆઈઆઈ) યોજના અંતર્ગત આજે નાની દમણના દેવકા ખાતે સ્થિત હોટલ પ્રિન્સેસ પાર્કમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણમાં એસડીએડીએનએચ એન્ડ ડીડી અને નિટકોમના સંયુક્ત ઉપક્રમમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારના ઊર્જા મંત્રાલયના ઊર્જા કાર્યક્ષમતા બ્યુરોના સચિવ શ્રી મિલિન્દ દેવરેએ જણાવ્યું હતું કે, એડીઈટીઆઈઆઈ યોજનાનો ઉદ્દેશ્ય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ)ની વચ્ચે ઊર્જા કુશળ ટેક્નોલોજીને અપનાવવા માટે પ્રેરિત કરવા, તેની પ્રતિસ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવું અને ભારતના જળવાયુ લક્ષ્યોમાં યોગદાન આપવાનો છે.

આ યોજના એન્ટરપ્રાઇઝ રજિસ્ટર્ડ MSMEsને વ્યાપક નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડે છે, જે તેમને ઓછામાં ઓછી ૧૦ ટકા ઊર્જા બચાવવા માટે સાબિત ક્ષમતા ધરાવતી ઊર્જા-કાર્યક્ષમ તકનીકોનો અમલ કરવા સક્ષમ બનાવે છે. આ યોજના લોન પર વ્યાજ સબવેન્શન, ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ એનર્જી ઓડિટ (IGEA), વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) અને અમલીકરણ પછીની દેખરેખ અને ચકાસણી (M&V)ના સ્વરૂપમાં લક્ષિત સહાય પૂરી પાડવા માટે રચાયેલ છે. સરકારે ઊર્જા કાર્યક્ષમતા વધારવા માટે MSMEs માટે વ્યાજ સબસિડી સાથે ADETIE યોજના શરૂ કરી છે.

આ યોજના હેઠળ, MSMEsને ઊર્જા-કાર્યક્ષમ ટેક્નોલોજીના અમલીકરણ માટે લેવામાં આવેલી લોન પર નાના ઉદ્યોગો માટે ૫ ટકા અને મધ્યમ ઉદ્યોગો માટે ૩ ટકા વ્યાજ સબસિડી મળશે. આ પહેલ ૨૦૭૦ સુધીમાં તેના ચોખ્ખા-શૂન્ય ઉત્સર્જન લક્ષ્યને પૂર્ણ કરવાની ભારતની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે આવી છે, જેમાં સરકાર ઔદ્યોગિક ક્ષેત્રમાં ઓછા ઊર્જા ખર્ચ અને ઊત્સર્જન પર ભાર મૂકે છે. આ કાર્યક્રમમાં દમણ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના વડા સત્યેન્દ્ર કુમાર સહિત નાના અને મધ્યમ ઉદ્યોગોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## ‘જગન્નાથ સાંસ્કૃતિક ટ્રસ્ટ’ સેલવાસ દ્વારા રથયાત્રા દરમિયાન રણુજા ધામ હોલમાં રક્તદાન શિબિર યોજાઈઃ ૧૦૦ યુનિટ રક્ત એકત્રિત કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૦**

‘જગન્નાથ સાંસ્કૃતિક ટ્રસ્ટ’ સેલવાસ દ્વારા સાયલીથી રથયાત્રા કાઢવામાં આવી હતી. આ રથયાત્રા આજે અયપ્પા મંદિર સામે રણુજા ધામ હોલમાં રોકાઈ હતી. જ્યાં ભગવાન જગન્નાથની પૂજા-અર્ચના સાથે ધાર્મિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે. આ અવસરે રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

‘જગન્નાથ સાંસ્કૃતિક ટ્રસ્ટ’ સેલવાસ દ્વારા રથયાત્રા દરમિયાન રક્તદાન શિબિર છેલ્લા ૧૬ વર્ષથી યોજવામાં આવે છે. આજે આયોજીત રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામા યુવાઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. જેમાં ૧૦૦ યુનિટ જેટલું રક્ત એકત્ર થયું હતું. આ રક્તદાન શિબિરમાં ‘જગન્નાથ સંસ્કૃતિ ટ્રસ્ટ’ સેલવાસના પ્રતિનિધિઓ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના કર્મચારીઓ સહિતના રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રેનમાં મુસાફરી કરવા ટિકિટ બુક કરવા માટેના નિયમમાં ફેરફાર, આજથી લાગૂ

**૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઇટ-એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૩૦**

જો તમે પણ ટ્રેનમાં મુસાફરી કરતા હોવ તો તમારા માટે આ સમાચાર મહત્વના છે. અનેક લોકો રિઝર્વેશન કરાવીને મુસાફરી કરે છે. કારણ કે રિઝર્વ કોચમાં સફર કરવી એ સુવિધાયુક્ત હોય છે. આ માટે તમારે મુસાફરી પહેલા ટિકિટ બુક કરાવી લેવી પડતી હોય છે. લોકો રેલવેના કાઉન્ટરથી અથવા તો ઘરે બેઠા ઓનલાઈન ટિકિટ બુક કરાવતા હોય છે. જ્યારે અચાનક મુસાફરી કરવાની હોય તો તત્કાલ ટિકિટ બુક કરાવતા હોય છે. પરંતુ હવે ભારતીય રેલવે તરફથી તત્કાલ ટિકિટ બુકિંગ અંગેનો નિયમ બદલાયો છે. ૧ જુલાઈથી હવે આ નવો નિયમ લાગૂ થશે તો વિસ્તૃત માહિતી ખાસ જાણો.

**તત્કાલ ટિકિટ બુકિંગ માટે નવો નિયમ**

IRCTC તરફથી તમામ યૂઝર્સને મેઈલ દ્વારા આ અંગે જાણકારી અપાઈ છે. જેમાં કહેવાયું છે કે ૧ જુલાઈ ૨૦૨૫થી IRCTCની વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા એવા યૂઝર્સ ટિકિટ બુક કરી શકશે નહીં જેમનું એકાઉન્ટ આધાર સાથે લિંક નહીં હોય.

- ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઈટ અને એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે.

- AC અને નોન-AC વર્ગો માટે પ્રથમ ૩૦ મિનિટમાં કોઈ એજન્ટ બુકિંગ નહીં.




- ૧૫ જુલાઈથી PRS કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા ઓનલાઈન તેમજ તત્કાલ બુકિંગ માટે OTP આધારિત ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત

તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને વાસ્તવિક મુસાફરોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી છે. આ ફેરફારોનો હેતુ વપરાશકર્તા પ્રમાણીકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.નવી જોગવાઈઓ નીચે મુજબ છે....

**૧. ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર પ્રમાણીકરણઃ**

૧ જુલાઈ ૨૦૨૫થી આ નિયમ અમલમાં આવશે. IRCTCની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુક કરાયેલી તત્કાલ ટિકિટ ફક્ત આધાર સાથે પ્રમાણિત વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ રહેશે. વધુમાં, ૧૫ જુલાઈ ૨૦૨૫થી ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર-આધારિત OTP પ્રમાણીકરણ ફરજિયાત બનશે.

**૨. PRS કાઉન્ટર અને એજન્ટો પર સિસ્ટમ-આધારિત OTP પ્રમાણીકરણઃ**

કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટો માટે બુકિંગ સમયે વપરાશકર્તા દ્વારા આપવામાં આવેલા મોબાઈલ નંબર પર OTP પ્રમાણીકરણ મોકલવાની જરૂર પડશે. આ જોગવાઈ ૧૫ જુલાઈ ૨૦૨૫થી અમલમાં આવશે.

**૩. અધિકૃત એજન્ટો માટે બુકિંગ સમય પ્રતિબંધઃ** નિર્ણાયક શરૂઆતના સમયગાળા દરમિયાન જથ્થાબંધ બુકિંગને રોકવા માટે, ભારતીય રેલવેના અધિકૃત ટિકિટિંગ એજન્ટોને બુકિંગ વિન્ડોની દિવસની પ્રથમ ૩૦ મિનિટ દરમિયાન તત્કાલ ટિકિટ બુક કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. AC વર્ગો માટે, આ પ્રતિબંધ સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી અને નોન-AC વર્ગો માટે સવારે ૧૧.૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી લાગુ પડે છે.

આ ફેરફારો તત્કાલ બુકિંગમાં પારદર્શિતા સુધારવા અને યોજનાના લાભો સાચા અંતિમ વપરાશકર્તાઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે. CRIS અને IRCTCને જરૂરી સિસ્ટમ ફેરફારો કરવા અને તે મુજબ તમામ ઝોનલ રેલવે અને સંબંધિત વિભાગોને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.રેલવે મંત્રાલય તમામ મુસાફરોને આ ફેરફારોની નોંધ લેવા વિનંતી કરે છે અને દરેકને અસુવિધા ટાળવા માટે તેમના IRCTC વપરાશકર્તા પ્રોફાઈલ સાથે આધાર લિંકેજ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરે છે.






## સુવિચાર - સદ્વિચાર

હમણાંનું કરેલ કામ ભવિષ્ય માટેનું બીજ છે.

## કવિતા

### ઊંચ-નીચનો ભેદ કાઢો

ઊંચ-નીચનો ભેદ કાઢો
તો નૂરીજન નજરે આવે રે,
અઢાર વરણ એક જ પ્યાલે
અમીરસ મોજું માણો રે.

અંતર વિના અવિનાશી રીઝે નહીં, પ્રગટ પ્યાલે ભાળો રે,
ચૌદ બ્રહ્માંડથી ન્યારો ખેલે, પ્રેમે વ્હાલો બિરાજે રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...

મીઠા અમીરસ દૂર કરી, આઠ પહોર આનંદમાં મ્હાલે રે,
પ્રેમ તણી લગની લાગી, અણુ-અણુમાં જ્યોત જાગે રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...

ઉત્તમ-મધ્યમ એક છે, શીદને કરો છો તાણાવાણી રે,
રજો સતો તમોને જાણો, માયલા કાળિંગાને મારો રે.
ઊંચ-નીચનો ભેદ કાઢો...

દુ:ખ સુખ આવે ને જાવે, ગુરુ ગોવિંદના ગુણ ગાવે રે,
ગુરુના ચરણે ''પંખી'' ગાવે, દુ:ખમાં કોઈ હરિ અજમાવે રે.
ઊંચ-નીચના ભેદ કાઢો...

- પંખીબાઈ

## આજની જોક

ટીચર:લડકીયા અગર પરાયા ધન હોતી હે તો લડકે ક્યાં હોતે હે?
પપ્પુ: સર ચોર હોતે હે..
ટીચર વો કૈસે?
પપ્પુ: ક્યુંકી ચોરો કી નજર હંમેશા પરાયે ધન પર હોતી હૈ

---------

છોકરો-હું તને પ્રેમ કરું છું, તું મારી ગર્લફ્રેન્ડ બનીશ?
છોકરી: મને તારો નંબર આપો,
હું પહેલાવાળાથી બ્રેકઅપ કરીશ, પછી તને નંબર આપીશ.

## કબીર વાણી

**અકથ કહાની પ્રેમકી, કછુ કહી ના જાય,**
**ગુંગે કેરી સરકાર, ખાઈ ઔર મુસકાય.**

**- અર્થાત-**

પ્રેમની કહાની અકથ્ય છે. તેને શબ્દો દ્વારા કહી શકાતી નથી. જે રીતે કોઈ મુંગો મનુષ્ય સાકર ખાય. તો એનો સ્વાદ વર્ણવી શકતો નથી. કેવળ મંદ મંદ હાસ્ય કરતો રહે છે.

## આજનો દિન વિશેષ

### અબ્દુલ હમીદ (સૈનિક)

કંપની ક્વાર્ટરમાસ્ટર હવાલદાર અબ્દુલ હમીદ પીવીસી (૧ જુલાઈ ૧૯૩૩ - ૧૦ સપ્ટેમ્બર ૧૯૬૫), એક ભારતીય સૈનિક હતા. ૧૯૬૫ ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન તેમના કાર્યો માટે તેમને મરણોત્તર ભારતનો સર્વોચ્ચ લશ્કરી સન્માન, પરમવીર ચક્ર આપવામાં આવ્યો હતો.

હામિદ ડિસેમ્બર ૧૯૫૪ માં સેનામાં જોડાયા, અને ગ્રેનેડિયર્સ રેજિમેન્ટની ચોથી બટાલિયનમાં પોસ્ટ કરવામાં આવ્યા. ચીન-ભારત યુદ્ધ દરમિયાન, તેમની બટાલિયને ચીની પીપલ્સ લિબરેશન આર્મી સામે નામકા ચૂના યુદ્ધમાં ભાગ લીધો હતો. ૧૯૬૫ ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન, ૪ થી ગ્રેનેડિયર્સ બટાલિયનને ખેમ કરણ-ભીખીવિંડ લાઇન પર ચીમા ગામ પહેલાં એક મહત્વપૂર્ણ સ્થાન સોંપવામાં આવ્યું હતું. ૯-૧૦ સપ્ટેમ્બર ૧૯૬૫ ના રોજ અસલ ઉત્તરના યુદ્ધમાં, હમીદે આઠ પાકિસ્તાની ટેન્કનો નાશ કર્યો અને નવમી ટેન્કનો નાશ કરતી કાર્યવાહીમાં શહીદ થયા.

અબ્દુલ હમીદનો જન્મ ૧ જુલાઈ ૧૯૩૩ ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યના ગાઝીપુર જિલ્લાના એક ગામમાં થયો હતો. તેમની માતા સકીના બેગમ હતી અને તેમના પિતા મોહમ્મદ ઉસ્માન હતા, જે એક દરજી હતા. હમીદ કપડાં સીવીને તેમના પિતાના વ્યવસાયમાં મદદ કરતા હતા.

પરમવીર ચક્ર પ્રાપ્તકર્તાઓના જીવન પર ૧૯૮૮માં આવેલી ટીવી શ્રેણી, પરમવીર ચક્રના દસમા એપિસોડમાં ૧૦ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ હમીદના કાર્યોની શોધ કરવામાં આવી હતી. હમીદની ભૂમિકા નસીરુદ્દીન શાહે ભજવી હતી, અને આ એપિસોડનું દિગ્દર્શન ચેતન આનંદે કર્યું હતું.

## આજની ઔષધિ : લવિંગ

**લવિંગના સ્વાસ્થ્ય લાભો :** લવિંગનું સેવન ફાયદાકારક : મજબૂત સુગંધ સાથે લવિંગ એ આપણા રસોડામાં જોવા મળતો સ્થાયી મસાલો છે, જેમાં ઔષધીય ગુણો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. આટલું જ નહીં શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવાથી લઈને અનેક પ્રકારના દર્દ અને રોગોમાં લવિંગનું સેવન ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. એલોપેથી હોય, નેચરોપથી હોય, આયુર્વેદ હોય કે ઘરેલું ઉપચાર હોય, લવિંગના ઔષધીય ગુણો બધામાં જાણીતા અને માનવામાં આવે છે.

એલોપેથીમાં ફાયદાકારક માત્ર આયુર્વેદમાં જ નહીં, આધુનિક એલોપેથીમાં પણ લવિંગને ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. નિષ્ણાતોના મતે લવિંગને પોલિફીનોલના ખાસ સ્રોતમાંથી એક માનવામાં આવે છે. પોલીફેનોલ્સ (Polyphenols) એ છોડમાંથી સૂક્ષ્મ પોષકતત્વો છે જે બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેમાં બ્રોન્કોડિલેટર અને ઇમ્યુનોમોડ્યુલેટરી (Bronchodilator and Immunomodulatory) ગુણધર્મો પણ છે જે શ્વસન અને ફેફસાં સંબંધિત સમસ્યાઓમાં રાહત આપી શકે છે. લવિંગમાં એન્ટીઑક્સિડન્ટ, પીડાનાશક ઘટક અને એન્ટીબેક્ટેરિયલ (antioxidant, analgesic component and antibacterial properties) ગુણધર્મો પણ હોય છે.લવિંગમાં વિટામિન 'પોષક તત્વો વિશે વાત કરીએ તો, વિવિધ વેબસાઇટ્સ પર ઉપલબ્ધ ડેટા અનુસાર, લવિંગમાં વિટામિન B1, B2, B4, B6, B9, વિટામિન-C, બીટા-કેરોટિન, વિટામિન-K, પ્રોટીન, ઝિંક, સેલેનિયમ, રિબોફ્લેવિન, કોપર, નિયાસિન, ફોલેટ. થાઈમિન, કાર્બોહાઇડ્રેટ્સ અને ફાઇબર સહિત અન્ય પોષક તત્વો પણ મળી આવે છે.લવિંગના ફાયદા અને ગેરફાયદા તેના સેવનથી કફ-પિત્ત દોષ મટે છે. આ સિવાય તેના નિયંત્રિત માત્રામાં સેવન કરવાથી ભૂખ વધે છે, પેટમાં ગેસ, ઉલ્ટી-ઉબકા, લોહીની વિકૃતિઓ, શ્વાસ અને ફેફસાના રોગો, ક્ષય રોગ, દાંત અને પેઢાને લગતી સમસ્યાઓ અને પુરુષોના જાતીય સ્વાસ્થ્ય સંબંધિત કેટલિય સમસ્યાઓમાં રાહત મળે છે.

### રૂ. ૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર થયા

# સુરતમાં ગેરકાયદે ઓનલાઈન ગેમિંગ-ટ્રેડિંગનો પર્દાફાશ

## સમગ્ર મામલે એસઓજીએ ૮ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૩૦**

ગુજરાતના સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી સનરાઈઝ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગ અને ઓનલાઈન ગેમિંગ રેકેટનો સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ પર્દાફાશ કર્યો છે.

ગેમિંગ-ટ્રેડિંગ રેકેટમાં લગભગ ૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર થયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે સમગ્ર મામલે SOGએ ૮ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના મોટા વરાછાના લજામણી ચોક ખાતે સનરાઈઝ



ડેવલપર્સ નામની ઓફિસમાં ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોવાની SOGને માહિતી મળી હતી.

જેને લઈને SOGની ટીમે ત્યાં દરોડા પાડ્યા હતા. જેમાં જાણવા મળ્ય હતું કે, કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં SEBIની પરવાનગી વગર Castilo ૯ અને Stock grow જેવાં સોફ્ટવેર દ્વારા ડબ્બા ટ્રેડિંગ અને વિવિધ પ્રતિબંધિત વેબસાઈટ્સ દ્વારા ઓનલાઈન ગેમિંગનો ધંધો ચાલતો હતો.

સમગ્ર મામલે SOGને જાણવા મળ્યું હતું કે, કન્સ્ટ્રક્શનની ઓફિસ સનરાઈઝ ડેવલપર્સમાં ગેરકાયદે રીતે NEXON EXCH.COM, PAVANEXCH સહિતની વિવિધ વેબસાઈટ્સ અને સોફ્ટવેર થકી લાઈવ ક્રિકેટ, ટેનિસ, ફૂટબોલ સહિતની અલગ-અલગ ગેમથી સટ્ટો ચલાવવામાં આવતો હતો.

આ માધ્યમ પર આરોપીઓ ગ્રાહકોને આકર્ષવા માટે નફાની લાલચ આપતા અને બ્લેક મનીનું સેટિંગ પણ કરી આપતા હોવાનું સામે આવ્યું છે.

આમ ઓનલાઈન ગેમિંગ અને ટ્રેડિંગ દ્વારા ૯૪૩ કરોડના વ્યવહારો થયા છે. જ્યારે ૨૫૦થી વધુ લોકોએ અત્યારસુધીમાં ઓનલાઈન ગેમિંગ અને ટ્રેડિંગ કર્યું હોવાનું સામે આવ્યું છે.

જેમાં અલગ-અલગ બેંક એકાઉન્ટમાં રૂ.૪.૬૨ કરોડનાં અન્ય ટ્રાન્ઝેક્શનો પણ મળી આવ્યા છે. તમને જણાવી દઈએ કે, અગાઉ પણ મુખ્ય આરોપી નંદલાલ પર ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજીની ફરિયાદ થયેલી છે.

SOGમુખ્ય સૂત્રધાર નંદલાલ ઉર્ફે નંદો વિઠલભાઈ ગેવરિયા, તેના પિતરાઈ ભાઈ વિશાલ ઉર્ફે વિક્કી મનસુખભાઈ ગેવરિયા, ભાવેશ જીણાભાઈ કિહલા, જયદીપ કાનજીભાઈ પીપળિયા, નવનીત ચતુરભાઈ ગેવરિયા, ભાવિન અરવિંદભાઈ હીરપરા, બકુલ મગનભાઈ તરસરિયા અને સાહીલ મુકેશભાઈ સુવાગિયાની ધરપકડ કરીને ૧૯ મોબાઈલ ફોન, ૪ લેપટોપ, ૧૦ લાખ રોકડ, ૩૧ પાસબુક, ૮૭ ચેકબુક, ૧૩ સિમકાર્ડ સહિત કુલ રૂ.૧૭.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આ બનાવ શહેરમાં મોડી રાત્રે બનવા પામ્યો હતો

# સુરતમાં BRTS બસ ચાલકની ગંભીર બેદરકારી સામે આવી

**બસચાલકની બેદરકારીએ વાહન ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો**
**આ અકસ્માતની ઘટનામાં વાહન ચાલકનો આબાદ બચાવ થયો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૩૦**

સુરતમાં BRTS બસ ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. બસચાલકની બેદરકારીએ વાહન ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો. આ અકસ્માતની ઘટનામાં વાહન ચાલકનો આબાદ બચાવ થયો. આ બનાવ શહેરમાં મોડી રાત્રે બનવા પામ્યો હતો. જ્યારે BRTS બસ ચાલક બ્રીજ નીચેથી પસાર થવા ટર્ન લઈ રહ્યો હતો ત્યારે બાજુમાંથી પસાર થતા વાહન ચાલક પર ધ્યાન ના ગયું અને તેના મોપેડને ટક્કર મારી.સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં રાત્રિના સમયે BRTS બસ ચાલકની બેદરકારીએ અકસ્માત સર્જ્યો. આ ઘટના ઉધના રોકડીયા ચારરસ્તા વિસ્તાર પાસે બનવા પામી હતી. આ ઘટનાના સામે આવેલ વીડિયોમાં દેખાય છે કે એક બ્રિજ નીચેથી વાહનો સામે બાજુ જઈ રહ્યા છે ત્યાં બાજુમાંથી અચાનક BRTS બસ ચાલક મોપેડ ચાલાકને ટક્કર મારે છે. આ ટક્કરમાં મોપેડ ચાલકની સ્પીડ લીમિટમાં હોવાથી મોટી દુર્ઘટના ટળી. જો મોપેડ વાહન સ્પીડમાં હોત તો અકસ્માતને પગલે ગંભીર ઈજા થઈ શકત.

ઉધના પાસેની આ ઘટના ડેશબોર્ડસીસીટીવીમાં કેદ થઈ છે. જેમા BRTS બસ ચાલાક ની બેદરકારી ના કારણે મોપેડ ચાલાક નો જીવ જતા બચ્યો. અગાઉ BRTSના ચાલકના કારણે એક મોટો અકસ્માત બનવા પામ્યો હતો. જેમાં અનેક લોકોના જીવ ગયા હતા. જેના બાદ BRTSના ડ્રાઈવરોની ભરતી અને તેમના સમય અને તેમજ ડ્યુટી અવરમાં બદલાવને લઈને રજૂઆત કરવામાં આવી હતી.

### EWS સહિતની કેટેગરીમાં પ્રવેશમાં ધાંધિયા થયાની ફરિયાદો

# PTC કોલેજોમાં પ્રવેશ પૂરા થયા પણ મેરિટ યાદી જાહેર ન કરાતાં વિવાદ

**કોલેજોએ પોતાની રીતે વિદ્યાર્થીઓને ફોન કરીને બોલાવીને પ્રવેશ આપી દીધા પણ મેરિટ યાદી જાહેર કરી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૩૦**

રાજયમાં પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષક બનવા માટે પીટીસી કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ જુદી જુદી કોલેજોએ ફાળવેલા પ્રવેશની ચકાસણી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. ચકાસણી પુરી થયા પછી પણ હજુસુધી કોલેજકક્ષાએ કે પ્રાથમિક શિક્ષણની વેબસાઈટ પર પણ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલા પ્રવેશની યાદી જાહેર કરવામાં આવી નથી. જેના કારણે પીટીસી પ્રવેશમાં મેરિટની અવગણના થઈ હોવાની આશંકા વાલીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.રાજયમાં એક સમયે પીટીસીમાં પ્રવેશ માટે લાખો રૂપિયાનું ડોનેશન લેવામાં આવતું હતુ. જોકે, આડેધડ કોલેજોને મંજુરી આપવાના કારણે અને પ્રાથમિક શિક્ષણમાં ભરતી ઓછી થવાના કારણે પીટીસી કરેલા હજારો યુવકોને નોકરી ન મળતાં પીટીસીના વળતાં પાણી થયા હતા. આગામી એક દાયકામાં પ્રાથમિક શિક્ષણમાં મોટાપાયે શિક્ષકોની ભરતી થવાની છે તેવી ચર્ચા અને જાહેરાતોના કારણે ફરીવાર ધો.12 પાસ કરેલા વિદ્યાર્થીઓ અન્ય કોર્સ કરવા કરતાં સરકારી નોકરી મળતી હોય તેવા આશયથી પીટીસી કરવા તરફ વળ્યા છે. જેના કારણે ચાલુવર્ષે પીટીસી પ્રવેશમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જે તે સમયે પીટીસી કોલેજોમાં ધસારો રહેતો હોવાથી કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિ લાગુ કરવામાં આવી હતી. જોકે, ધીમે ધીમે પીટીસીમાં વિદ્યાર્થીઓ જ મળતાં નહોવાથી પ્રવેશની પ્રક્રિયા જે તે કોલેજોને સોંપી દેવામાં આવી હતી. આમ, હાલમાં કોલેજ દ્વારા મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કામગીરી કરવામાં આવી છે. તાજેતરમાં કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવી મેરિટના આધારે પ્રવેશ ફાળવી દીધો છે. જોકે, એકપણ કોલેજ દ્વારા પોતાની બેઠકો પર કયા કયા અને કેટલા મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેની યાદી જાહેર કરી નથી. જે વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો હોય તેમને સીધા ફોન કરીને ફી ભરવા માટેની સૂચના આપવામાં આવી હતી. એટલે કે જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે તેને ખબર છે પરંતુ તેની સાથે અથવા તો આગળ પાછળ કેટલું મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે અથવા તો જે તે કોલેજમાં છેલ્લો પ્રવેશ કેટલા મેરિટ સાથે અટકયો છે તેની કોઇ વિગતો કોલેજોમાં જાહેર કરવામાં આવી નથી. તાજેતરમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પણ ગ્રાન્ટેડ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો છે તેની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. હાલમાં ચકાસણીની કામગીરી પુરી થઇ ચુકી છે છતાં વિદ્યાર્થીઓનું મેરિટ જાહેર કરવામાં આવ્યું નથી. હાલની સ્થિતિમાં 35 ગ્રાન્ટેડ, 4 સરકારી, 8 ડાયેટ અને 49 સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં 10 હજાર જેટલી બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવી રહ્યો છે.રાજયની કેટલીક પીટીસી કોલેજોમાં EWS કેટેગરીમાં પ્રવેશ આપવામાં ધાંધિયા અને મેરિટની અવગણના થઇ હોવાની ફરિયાદો પણ બહાર આવી છે. તાજેતરમાં અમદાવાદની એક પીટીસી કોલેજમાં વિદ્યાર્થીને ફોન કરીને EWS કેટેગરીમાં પ્રવેશ મળ્યો હોવાનું જણાવીને ફી ભરવા માટે બોલાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થી ફી ભરવા માટે આવ્યો ત્યારે તેને કહેવામાં આવ્યું કે તારો મેરિટમાં નંબર નથી માટે પ્રવેશ મળશે નહી. આમ, EWS કેટગરીમાં કેટલા અને કઇ રીતે પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તે અંગે કોઇ સ્પષ્ટતાં કરવામાં આવી નથી. તાકીદે પીટીસી કોલેજોમાં અપાયેલા પ્રવેશની મેરિટયાદી જાહેર કરીને કઇ કેટેગરીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેની જાહેરાત થવી જોઇએ તેવી માંગણી પણ વાલીઓમાં ઉઠવા પામી છે.

### ભારતની ટોચની ૫૦ SDGs શાળાઓમાં અદાણી વિદ્યામંદિર અમદાવાદને સ્થાન

# અમદાવાદની એકમાત્ર શાળાને SDGs સ્કૂલ એવોર્ડ-૨૦૨૫ એનાયત




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૩૦**

ગરવી ગુજરાત માટે વધુ ગૌરવના સમાચાર આવ્યા છે. અદાણી વિદ્યામંદિર અમદાવાદ (AVMA)ને ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ ભારતની ટોચની ૫૦ SDGs શાળાઓમાં સ્થાન પ્રાપ્ત થયું છે. નવી દિલ્હીમાં આયોજિત પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય શિક્ષણ નેતૃત્વ કોન્કલેવમાં અમદાવાદની એકમાત્ર શાળા તરીકે AVMAને SDGs સ્કુલ એવોર્ડ -૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો છે.

દેશની ટોપ-૫૦ SDG શાળાઓમાં સ્થાન મેળવનારી AVMA સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે. નેશનલ પોપ્યુલેશન એજ્યુકેશન પ્રોજેક્ટ (NCERT)ના એસોસિયેટ પ્રોફેસર ડૉ. વિજયકુમાર મલિકના હસ્તે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર ટકાઉ પરિવર્તનને પ્રોત્સાહન આપતા શિક્ષણ, નવીનતા અને અર્થપૂર્ણ સમુદાય જોડાણમાં શાળાની નોંધપાત્ર પહેલને પ્રકાશિત કરે છે.

AVMAના મિશનમાં SDGs ને અભ્યાસક્રમ અને સમુદાય આઉટરીચ કાર્યક્રમોમાં એકીકૃત કરવાનો અભિગમ છે. શાળા ટકાઉપણું, સમાનતા અને પર્યાવરણીય ચેતનાના મૂલ્યો સ્થાપિત કરવાના પ્રયાસોમાં કાર્યરત છે. સ્વચ્છ ઉર્જા અને કચરો ઘટાડવાના પ્રોજેક્ટ્સથી લઈને સમાજના વંચિત વર્ગોને પ્રોત્સાહન આપતી સંકલિત પહેલો સુધી AVMAએ સર્વાંગી શિક્ષણ માટેનો નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

ડૉ. વિજય કુમાર મલિકે એવોર્ડ AVMA ની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ''અદાણી વિદ્યામંદિર અમદાવાદ શ્રેષ્ઠતાની દીવાદાંડી તરીકે ઊભરી આવ્યું છે, તે દર્શાવે છે કે શિક્ષણ ટકાઉ વિકાસ માટે કેવી રીતે એક શક્તિશાળી ઉત્પ્રેરક બની શકે છે. તેના પ્રયાસો SDGs ના વૈશ્વિક દ્રષ્ટિકોણ સાથે સંરેખિત થાય છે.''

AVMA ના નેતૃત્વએ આ સન્માન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, SDGs ને આગળ વધારવા માટેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી., શાળા પ્રવક્તાએ જણાવ્યું હતુ કે, 'અમે શિક્ષણ દ્વારા ટકાઉ પરિવર્તનનો વારસો બનાવવા સમર્પિત છીએ.'AVMA જેવી સંસ્થાઓ વૈશ્વિક ટકાઉપણાના લક્ષ્યો સાથે સંરેખિત શિક્ષણને પુનઃવ્યાખ્યાયિત કરી રહી છે. શિક્ષણ કેવી રીતે ઉત્તમ ટકાઉ વિશ્વ તરફ અર્થપૂર્ણ પ્રગતિ કરી શકે છે તેનું એક તેજસ્વી ઉદાહરણ છે.

## ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ?




ભારત દેશમાં પશુ, પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઇન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડૉ અને બહુચરા માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા હતા.

ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી ઢુંડી અગ્નિ માટે, પહેલી એક મુઠ્ઠી પંખીઓ માટે, અનાજ દળાવ્યા પછીનો એક મુઠ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વાપી, વલસાડ, નવસારી, સુરત-તાપી, ભરૂચ - ગુજરાત
વર્તમાન પ્રવાહ
સવારની ચા સાથે તો માત્ર
દમણ ● મંગળવાર, ૦૧ જુલાઈ, ૨૦૨૫


# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કપરાડાના મોટાપોંઢા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું





**રાજ્યમાં ૪૦ થી વધુ મેડિકલ કોલેજ શરૂ કરાતા હવે ડોકટરોની ઘટ પુરાઈ રહી છે જેથી આરોગ્ય સેવા વધુ સુદ્રઢ બનીઃ મંત્રી કનુભાઈ દેસાઈ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મોટાપોંઢા ખાતે રૂ. ૧ કરોડ ૪૧ લાખના ખર્ચે તૈયાર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, પહેલા લોકો હાર્ટ એટેક, કિડની ફેલ્યોર અને લીવર ટ્રાન્સપ્લાન્ટ સહિતની બીમારીઓના મોટા ખર્ચાને પહોંચી વળતા ન હતા જેથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ શાસન ધૂરા સંભાળી પ્રજાના આરોગ્યની દરકાર લઈ સમગ્ર દેશમાં એક માત્ર ગુજરાતમાં મા કાર્ડની સુવિધા શરૂ કરાવી હતી. બાદમાં તેઓ વડાપ્રધાન બન્યા બાદ સમગ્ર દેશમાં વિશ્વની સૌથી મોટી આયુષ્યમાન કાર્ડ યોજના લાગુ કરી હતી. જેમાં રૂ. પાંચ લાખ સુધીની ફ્રી માં સેવા અને આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધારાના રૂ. પાંચ લાખની સહાય આપતા આપણા રાજ્યના લોકોને હાલમાં રૂ.૧૦ લાખ સુધીની નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવા મળી રહી છે. રાજ્યમાં ૪૦ થી વધુ મેડિકલ કોલેજ શરૂ કરાતા હવે ડોકટરોની ઘટ પુરાઈ રહી છે જેથી આરોગ્ય સેવા વધુ સુદૃઢ બની છે. આમ, નાની નાની બાબતોનું ધ્યાન રાખી સરકાર પ્રજાની સુખાકારીમાં વધારો કરી રહી છે. આગામી વર્ષ ૨૦૪૭ સુધીમાં આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દરેક વ્યક્તિ દેશના વિકાસમાં યોગદાન આપે એ મહત્વનું છે.

કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, આ પીએચસીના લોકાર્પણથી લોકોને વધુ સારી આરોગ્ય સેવા મળતી થશે. લેટેસ્ટ ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે આ પીએચસી તૈયાર કરવામાં આવ્યું છે. હવે કોઈ પીએચસીમાં ડોક્ટરોની ઘટ નહિ વર્તાય તેવું આયોજન કરાયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં રસ્તા, પાણી અને વીજળી સહિતના અનેક કામો થઈ રહ્યા છે જેથી પ્રજા સુખાકારીના માર્ગે આગળ વધી રહી છે.

ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે.સિંઘે જણાવ્યું કે, આ નવા પીએચસીમાં દર્દીઓને નાનામાં નાની સુવિધા મળી રહેશે. બે એમબીબીએસ ડોક્ટરો સેવા આપશે. પાંચ સબ સેન્ટર આ પીએચસીના તાબા હેઠળ આવે છે જેમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો સેવા આપી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ગામે ગામ આરોગ્યલક્ષી સેવા ઘર આંગણે મળી રહે તે માટેનું સપનું સાકાર થઈ રહ્યું છે. સારા શિક્ષણની સાથે સ્વસ્થ આરોગ્ય પણ આવશ્યક છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન મિતેશ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન કેતન પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય રતનબેન પટેલ, વાપી વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, કપરાડાના ઈન્ચાર્જ ટીએચઓ ડો. દિવ્યેશ પટેલ, ડો. જિનીતા પટેલ, ડો. કિંજલ ચૌધરી અને ડો. સંજય ખાન્દ્રા સહિત આરોગ્ય ખાતાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### મોટાપોંઢા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધા

માઈનોર ઓપરેશન થિયેટર, પ્રિ-ઓપરેશન રૂમ, લેબર રૂમ વિથ બેબી રૂમ, ઈન્ડોર દર્દીઓ માટે ટોયલેટ બાથરૂમ સાથે પથારી રૂમ, અદ્યતન લેબોરેટરી, ડ્રેસિંગ અને ઈન્જેક્શન રૂમ, ડિસ્પેન્સરી રૂમ, કેસ રજીસ્ટર રૂમ, મેડિકલ ઓફિસર રૂમ-૨, આયુષ ડોક્ટર રૂમ, ઓફીસ, મેડિકલ સ્ટોર, નર્સિંગ સ્ટેશન, વેઈટિંગ રૂમ, પાણી કુલર, પી.એમ.રૂમ અને કમ્પાઉન્ડ વોલ.

નાણામંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે

# ગણદેવી તાલુકાના ધોલાઈ ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું કરાયેલું લોકાર્પણ



**અંદાજિત રૂા.૧૫.૫૭ કરોડના ખર્ચે સ્થાપિત સબ સ્ટેશનથી ૧૧ ગામોના ૬ હજારથી વધુ લોકોને સાતત્યપૂર્ણ અને વિક્ષેપ-રહિત વીજળી પૂરતા દબાણથી પ્રાપ્ત થશેઃ કનુભાઈ દેસાઈ**





-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૩૦**

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વીજળીએ આપના જીવનનો અગત્યનો ભાગ છે. ગુજરાતની ચાર કંપનીઓ છે જે ગુજરાતને વીજળી પહોંચાડે છે. આ કંપનીઓ સમગ્ર દેશમાં પણ અગ્રસ્થાને છે. ગુજરાત ગુણવત્તાયુક્ત વીજળી આપવામાં, સોલર સિસ્ટમ અપનાવવામાં, રીન્યુએબલ એનર્જીમાં સમગ્ર દેશમાં નંબર વન છે. તેમણે વીજ બચતમાં ગ્રાહકો દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે એમ ઉમેર્યું હતું.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે અંદાજિત રૂા.૧૫.૫૭ કરોડના ખર્ચે સ્થાપિત સબ સ્ટેશન ક્ષમતા ૩૦ એમ.વી.એ. છે જે ૪,૯૦૦ ચો.મી.વિસ્તારમાં ફેલાયેલું છે. જેનાથી આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં આવેલા કુલ ૧૧ ગામોના કુલ ૫,૬૭૬ થી વધુ લોકોને સાતત્યપૂર્ણ અને વિક્ષેપ-રહિત વીજળી પૂરતા દબાણથી પૂરી પાડી શકાશે.

તેમણે સબ સ્ટેશનની વિશેષતાઓ જણાવતા ઉમેર્યું હતું કે, નવું ૬૬ કે.વી. બીગરી (ધોલાઈ-સાલાબેટ) સબસ્ટેશન આ વિસ્તારોના ખાસ વિકાસને ધ્યાનમાં લઈ, રાજ્ય સરકારશ્રીની કોસ્ટલ ગ્રાન્ટ હેઠળ મુડી રોકાણના વળતરને ધ્યાનમાં લીધા સિવાય માત્ર આ વિસ્તારમાં રહેતી જનતાના વિકાસાર્થે ઉભું કરવામાં આવ્યું છે.

અંતે તેમણે ગુજરાત લગભગ ૧૬૦૦ કિમીનો દરિયાકિનારો ધરાવે છે તેથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોમાસા તેમજ કુદરતી આફત દરમિયાન વીજળી ન જાય તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી શરૂ કરાવી છે એમ ઉમેર્યું હતું.

જેટકોના ઉપેન્દ્રભાઈ પટેલએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સૌને નવા સબસ્ટેશનથી નાગરીકોને થનાર ફાયદા અંગે અવગત કર્યા હતા. સબસ્ટેશનમાંથી નીકળતા નવા ૧૧ કે.વી. ફીડરો મારફત ૧૧ ગામોને લાભ મળશે. જેમાં ધોલાઈ, માલવાણ, કકવાડી, પોસરી, ગોયંદી, ભાઠલા, ખાપરવાડા, વણગામ, બીગરી, પોરવાસણ, દઢોરા ગામનો સમાવેશ થાય છે. જેમાં છ હજારથી વધુ લોકો તેનો લાભ લેશે એમ ઉમેર્યું હતું. વધુમાં નવસારી જિલ્લામાં હાલ કુલ ૪૨ સબસ્ટેશન કાર્યાન્વિત છે. છેલ્લા પાંચ વર્ષમાં નવસારી જિલ્લામાં ૧૫ નવા સબ-સ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. અંતે તેમણે જેટકો કંપની દ્વારા સફળતાપૂર્વક પાર પાડેલ વિવિધ કાર્યો અને લોકોને પ્રદાન કરવામાં આવેલ સુવિધાઓ અંગે જાણકારી આપી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને અન્ય મહાનુભાવોએ રિબિન કાપી, તકતી અનાવરણ કરી સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું હતુ.

# સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતા સધાય તે માટે ધરમપુરના પાનવા ગામે અપનાવી "સમરસ" રાહ



**સતિષભાઈ ચૌધરી**
સરપંચ, પાનવા, ધરમપુર






**સુરેશભાઈ જે. ચૌધરી**
પંચાયત સભ્ય, પાનવા, ધરમપુર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

**વિશેષ સ્ટોરી**
**- જિજ્ઞેશ સોલંકી**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે, "ભારતનો આત્મા ગામડાંઓમાં વસે છે. સશક્ત અને આત્મનિર્ભર ગામ એ તંદુરસ્ત રાષ્ટ્રની પૂર્વ શરત છે." ગામડાઓ આપણા દેશની શક્તિ છે અને દરેક પંચાયત તેને વધુ મજબૂત બનાવે છે. જેથી ગ્રામ પંચાયતોની ચૂંટણી સર્વ સંમતિ અને વિના વિરોધે થાય તો ગામમાં વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાય. ગ્રામ્ય કક્ષાએ સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતા સધાય તો સ્થાનિક પ્રજા પણ વિકાસના કામોમાં ઉમંગભેર ભાગ લઈ શકે તેવા ઉમદા આશય સાથે રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા "સમરસ ગામ યોજના" અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો લાભ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પાનવા ગ્રુપ ગ્રામ પંચાયતે પ્રથમવાર મેળવી પોતાના ગામને "સમરસ ગામ" જાહેર કર્યું છે. જેથી પાનવા ગામમાં વિકાસના કાર્યોને વેગ મળશે સાથે ઈકો ટુરિઝમની દિશામાં પણ આગળ વધશે.

ભારતના વિકાસમાં ગ્રામ્ય સંસ્કૃતિનો ખૂબ જ મોટો ફાળો રહ્યો છે. ત્યારે ગ્રામ પંચાયતની ચૂંટણી ભારતની લોકશાહીના મજબૂત આધાર સ્તંભનો પાયો છે. પંચાયતની ચૂંટણી દિવસે દિવસે વધુ ખર્ચાળ બની રહી છે તેમજ પ્રચાર પ્રસારમાં પણ લોકોનો મહત્વનો સમય પસાર થઈ જાય છે જેથી અનેક ગ્રામ પંચાયતો સમરસ યોજના તરફ વળી રહી છે.

ગત બુધવારે ગ્રામ પંચાયતોની ચૂંટણીના જાહેર થયેલા પરિણામ પૂર્વે વલસાડ જિલ્લામાં કુલ ૧૧ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે. જે પૈકી ધરમપુર તાલુકાના પાનવા ગ્રુપ ગ્રામ પંચાયત બિનહરીફ જાહેર થતા ગ્રામજનોએ ગામમાં સંપ, સૃહદભાવ, એકતા અને એકરાગિતા જાળવી રાખવા માટે કરેલી મહેનત સફળ રહેતા ખુશીની લાગણી ફરી વળી હતી.

પાનવા ગામના માજી સરપંચ અને હાલના પંચાયત સભ્ય સુરેશભાઈ જે. ચૌધરીએ જણાવ્યું કે, એક તબક્કે અમારા ગામમાં પણ ચૂંટણી થાય તેવી શક્યતા હતી પરંતુ ગામના લોકોને ભેગા કરી જણાવ્યું કે, ચૂંટણી થાય તો મોટે ભાગનો સમય પ્રચાર પ્રસારમાં નીકળી જશે અને હાલ ચોમાસામાં ખેતી કામમાં અડચણ આવશે. આ સિવાય પૈસાનું પાણી થશે. ગામમાં સામ સામે ઉમેદવારો વચ્ચે ઝઘડા થાય તો વેરભાર વધશે. જેથી ગ્રામજનોએ વિચાર્યું કે, વાદ વિવાદમાં પડવા કરતા ગામનો વિકાસ કરવો હોય તો "સમરસ" એક માત્ર શ્રેષ્ઠ માર્ગ છે.

સમસર ગામમાં બિનહરીફ સરપંચ પદે ચૂંટાયેલા સતિષ વેસ્તાભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ગામમાં એકતા જળવાઈ રહે તે મુખ્ય ઉદ્દેશ્ય હતો. મારી પત્ની શંકુતલા સરપંચ પદે હતા ત્યારે ગામમાં રસ્તા, કોઝવે, પંચાયતનું નવું મકાન, ટીટુખડકમાં સ્કૂલ અને મોબાઈલ કનેક્ટિવીટી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સફળતા મેળવી હતી. બાજુમાં ડુંગર પર આવેલું દાંડવળ ગામના લોકોએ બે કિમીને બદલે ૨૦ કિમીનો ચકરાવો ખાવો પડતો હતો. જે અંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલને રજૂઆત કરતા હાલ રૂ.બે કરોડના ખર્ચે રસ્તો બની રહ્યો છે. જેથી પીરમાળ અને દાંડવળ ગામને ફાયદો થશે. ઈકો ટુરિઝમની શક્યતા અંગે તેઓ વધુમાં જણાવે છે કે, અમારા પાનવા ગામમાંથી લાવરી નદી પસાર થતા ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. જેમાં રિવર રાફટીંગ પણ થઈ શકે છે. ગામની ચારે ફરતે ગાઢ લીલાછમ ડુંગરોથી શોભતું અમારુ પાનવા ગામ સોહામણુ લાગે છે. આ સિવાય પાનવા ધોધનો નજારો પણ પર્યટકોને આકર્ષે છે. જેથી અમારૂં ગામ ઈકો ટુરીઝમ તરીકે વિકસે તેવી ભરપૂર શક્યતા હોવાથી આ મિશન પર કામ શરૂ કરી દીધું છે. ગામમાં દૂધ ડેરી નવી બની રહી છે અને લાઈબ્રેરી બનાવવાનું પણ વિઝન છે.

ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, જે ગ્રામ પંચાયત સમરસ જાહેર થાય તેમને ધારાસભ્ય ફંડમાંથી રૂ.૫ લાખ આપવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત પાનવા ગામ સમસર જાહેર થતા ગામના વિકાસના ભાવિ આયોજન માટે રૂ.૫ લાખ આપવામાં આવશે.

કુલ ૮ વોર્ડ અને ૨૫૦૬ની વસ્તી ધરાવતી ધરમપુરની પાનવા-ટીટુખડક જૂથ ગ્રામ પંચાયતને ધારાસભ્ય ફંડમાંથી રૂ. ૫ લાખ અને સરકારની સમરસ ગામ યોજના હેઠળ રૂ. ૩ લાખ સાથે ધો.૮ ની અગ્રિમતાથી સગવડ આપવામાં આવશે. કુલ રૂ. ૮ લાખથી ગામમાં વિકાસના અનેક કાર્યો સફળતાપૂર્વક પાર પડશે. આમ, પાનવા ગામ વિકાસની હરણફાળમાં અન્ય ગામો માટે પ્રેરણારૂપ બન્યું છે સાથે જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વમાં આત્મનિર્ભર ગણતંત્રની દિશામાં આગળ વધી રહ્યું છે.

**રાજ્ય સરકાર દ્વારા ૩ લાખની સહાય અને ધારાસભ્ય ફંડમાંથી રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૮ લાખની સહાય ગામના વિકાસ માટે મળશેઃ કુલ ૨૫૦૬ની વસ્તી ધરાવતું ધરમપુરનું પાનવા ગામ વિકાસની હરણફાળમાં અન્ય ગામો માટે પ્રેરણારૂપ બન્યું**

# ગણદેવી તાલુકાના ધનોરી ગામની ધનોરી સેવા સહકારી મંડળીની ૧૦૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૦**

૧૦૭ વર્ષ જૂની ધનોરી સેવા સહકારી મંડળીની સામાન્ય સભા મંડળીના પ્રમુખ શ્રી અમિતભાઈ નાયકના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ, મેનેજર શ્રી બીપીનભાઈ પટેલ વ્યવસાય સમિતિના સભ્યો અને મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા હતા. આ સભામાં એજન્ડા પરના તમામ કામો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મંડળીના પ્રમુખ શ્રી અમિતભાઈ નાયકે વર્ષ દરમિયાન મંડળીની વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. વર્ષ દરમિયાન મંડળી દ્વારા રોટરી ક્લબ ઓફ ગણદેવી, ધનોરી દૂધ ઉત્પાદક મંડળી, મહિલા મંડળ ધનોરી સાથે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. જેમ ક્ષય નિવારણ માટે દર્દીઓ માટે ૨૫૫ કીટ આપવામાં આવી હતી, કુપોષણ નિવારણ માટે વર્ષ દરમિયાન કુપોષિત બાળકો અને સગર્ભા માતાઓને ૩૬૬ જેટલી દવા અને જરૂરી અનાજની કીટ આપવામાં આવી હતી.

મંડળી દ્વારા રોટરી ક્લબ ગણદેવી અને રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટ નવસારીના સથવારે વર્ષ દરમિયાન આઈ કેમ્પ યોજાયા હતા. જેમાં ૩૭૯ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાંથી ૧૧૦ દર્દીઓના વિનામૂલ્ય મોતિયાના ઓપરેશનો કરવામાં આવ્યા હતા અને ૧૪૧ દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવ્યા હતા. મંડળીના સભાસદોને પેથોલોજી લેબ સહાય આપવામાં આવી હતી.

ધનોરી મંડળીમાં છેલ્લા ૧૫વર્ષથી ઘંટી વિભાગમાં કામ કરતા શ્રી ઠાકોરભાઈ હળપતિ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમને શાલ તેમજ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મંડળી દ્વારા ધનોરી ગામના તેજસ્વી તારલાઓનું સન્માન કરી બહુમાન કરવામાં આવ્યું હતુ. સભાને અંતે મંડળીના મંત્રી શ્રી જીગરભાઈ નાયકે વર્ષ દરમિયાન ઉપયોગી થનાર તમામ સંસ્થા, સરકારી કચેરીઓ અને સહકાર આપનાર સભાસદોનો આભાર માન્યો હતો.

# વલસાડ પુસ્તક પરબ દ્વારા સાહિત્યકાર મણિલાલ હ.પટેલનું વક્તવ્ય તથા ગ્રંથદાતા સન્માન કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડના સાહિત્ય રસિકો માટે પુસ્તક પરબની શરૂઆત તા. ૨૩ એપ્રિલ ૨૦૨૨ના દિને વિશ્વ પુસ્તક દિવસે થઈ હતી. દર મહિનાના પહેલા રવિવારે બે જાહેર સ્થળોએ યોજાતી આ પુસ્તક પરબનું વિચારબીજ સાહિત્યકાર શ્રી મણિલાલ હ.પટેલએ રોપ્યું હતું. તાજેતરમાં વલસાડ પુસ્તક પરબને ૮૦૦૦ જેટલાં પુસ્તકોનું માતબર દાન શ્રી મનિષભાઈ પરમાર (જામનગર) હાલ રહે. વલસાડ દ્વારા પ્રાપ્ત થયું છે. આ પુસ્તકોથી પુસ્તક પરબ વલસાડ વધુ સમૃદ્ધ બન્યું છે. ગ્રંથદાતા તરીકે શ્રી મનીષભાઈને બિરદાવી ઋણ સ્વીકાર કરવાનો તથા સતત બે વર્ષથી વલસાડ પુસ્તક પરબને સ્વયંસેવક તરીકે સેવા પુરી પાડતા વલસાડ આર્ટસ કોલેજના પૂર્વ વિદ્યાર્થી અમન ગોહિલ, તેજલ પાડવી અને રાધિકા ચિહલાને શ્રી મણિલાલ હ. પટેલના હસ્તે બિરદાવવામાં આવ્યા હતા.

વલસાડમાં આયોજિત આ કાર્યક્રમમાં ચીખલી પુસ્તક પરબ ટીમના શ્રીમતી ટીનાબેન પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ, બીલીમોરાથી શ્રીમતી રીટાબેન દાદાવાલા, વલસાડના મૂર્ધન્ય કવિ શ્રી ઉશનસના દીકરી શ્રીમતી ચિત્રાબેન, સાહિત્યરસિક શ્રી રણજીત દેસાઈ, હાસ્ય કલાકાર શ્રી રમેશભાઈ ચાંપાનેરી, શ્રીમતી સોનલબેન સરવૈયા, શ્રી હરેશભાઈ દેસાઈ, શ્રી સુનિલભાઈ પટેલ, શ્રીમતી અમીષાબેન, શ્રીમતી દક્ષાબેન, શ્રીમતી વિશ્વા, શ્રી નીલમભાઈ ખોબા તથા પુસ્તક પરબના વાચકોની ઉપસ્થિતિમાં શ્રી મણીલાલ હ.પટેલે "સાહિત્યને સગપણ શાનું?" વિષય પર રસપ્રદ વાતો ઊંડાણથી રજૂ કરી હતી. વરસતાં વરસાદમાં આયોજિત આ કાર્યક્રમમાં સૌ રસતરબોળ થઈ ગયા હતા. પુસ્તક પરબ વલસાડના પ્રોજેક્ટ ચેરપર્સન ડો.આશાબેન ગોહિલ તથા શ્રી હાર્દિકભાઈ પટેલ, શ્રી દેવરાજભાઈ બાપા, શ્રી દિલીપભાઈ દેસાઈ, શ્રી જયંતીભાઈ મિસ્ત્રી, શ્રીમતી અર્ચના ચૌહાણ, શ્રી વિલ્સન મેકવાન સહિત ટીમના સભ્યોની મહેનત રંગ લાવી હતી.

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સાહિત્યકારોના કાવ્ય, વાર્તા, નિબંધ, નવલકથાના ઉલ્લેખ સાથે વિશેષ વાતો સાંભળવાનો રોમાંચ અદ્‌ભૂત રહ્યો હતો.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# 'આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી' ઈરાન પર હુમલા અટકાવવામાં અને હુમલાની નિંદા કરવામાં નિષ્ફળ




ઈરાને હજુ પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણ ખતમ ન કર્યો હોવાનો આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીએ **International Atomic Energy Agency (IAEA)** દાવો કર્યો છે. ઈઝરાયલ-ઈરાન વચ્ચે ૧૨ દિવસ ચાલેલા યુદ્ધમાં અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યા બાદ આઈએઈએએ આ ચેતવણી આપી છે. એજન્સીએ કહ્યું કે, 'ઈરાન ટૂંક સમયમાં યુરેનિયમ સંવર્ધન ફરી શરૂ કરી શકે છે, એટલે કે ઈરાન પરમાણુ બોંબ બનાવવા નજીક પહોંચી ગયું છે. ઈરાનની ટેકનિકલ અને ઔદ્યોગિક ક્ષમતાઓ હજુ પણ સલામત છે.' આ પહેલા ઈરાને સંસદમાં પ્રસ્તાવ પાસ કરીને **IAEA** સાથે સંબંધો તોડી નાખ્યા હતા. ત્યારબાદ **IAEA** આ ચોંકાવનારો દાવો કર્યો છે. અમેરિકાએ તાજેતરમાં જ ઈરાન પર હુમલા કર્યા બાદ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, 'અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ કેન્દ્રને સંપૂર્ણ નષ્ટ કરી દીધા છે અને તેને દાયકાઓ પાછળ ધકેલી દીધું છે.' ટ્રમ્પના આ દાવા બાદ **IAEA**એ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે ચેતવણી આપતા ફરી કંઈ નવાજૂની થવાના એંધાણ ઉભા થયા છે.

**IAEA**ના પ્રમુખ ગ્રોસીએ કહ્યું કે, 'અમેરિકાના હુમલામાં ઈરાનમાં કેટલાક સ્થળે નુકસાન થયું છે, જોકે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ યથાવત્ છે. જો ઈરાન ઈચ્છે તો કેટલાક મહિનાઓમાં જ સેન્ટ્રીફ્યૂજ ફરી શરૂ કરી શકે છે અને સંવર્ધિત યુરેનિયમનું ઉત્પાદન કરી શકે છે. ઈરાન એક અત્યાધુનિક પરમાણુ ટેક્નોલોજી ધરાવતો દેશ છે. તેની પાસે સુવિધાની સાથે જ્ઞાન અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ છે.' એજન્સીએ કેટલાક દિવસ પહેલા આશંકા વ્યક્ત કરી હતી કે, 'અમેરિકાના હુમલા પહેલા ઈરાન ૪૦૮.૬ કિલો (આશરે ૯૦૦ પાઉન્ડ) સંવર્ધન યુરેનિયમ અન્ય સ્થળે લઈ ગયું હશે. આ યુરેનિયમ ૬૦% સુધી સંવર્ધિત છે, એટલે કે પરમાણુ બોંબ બનાવની પ્રક્રિયાથી થોડે દૂર છે. આ યુરેનિયમથી ૯થી વધુ પરમાણુ બોંબ બનાવી શકાય છે.'

ઈરાનની સંસદમાં તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી **(IAEA)** સાથે સંબંધો તોડવા માટેનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે, તે જોતા એવું લાગી રહ્યું છે કે, ઈરાને છાનામાના પરમાણુ બોંબ બનાવવાનો પ્લાન બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિધેયક પસાર થયા બાદ રશિયાએ ઈરાનને કહ્યું છે કે, તે **IAEA** સાથે સંબંધો ચાલુ રાખે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોંબમારો કર્યો હતો, જેના કારણે ઈરાન **IAEA**થી નારાજ થઈને આ વિધેયક લાવ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. ઈરાને **IAEA** સાથે સંબંધો તોડવા માટેનું કારણ પણ જણાવ્યું છે. તેણે કહ્યું કે, 'આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી ઈરાન પર હુમલા અટકાવવામાં અને હુમલાની નિંદા કરવામાં નિષ્ફળ ગઈ છે.'



## ભગવદ્ ભક્ત દેવી કરમાબાઈનું જીવનચરિત્ર..

# બાહ્ય શુદ્ધતાની જગ્યાએ આત્માની શુદ્ધતા તથા ભગવાનમાં સાચી પ્રિતથી પ્રભુ પ્રાપ્તિ સંભવ છે

કરમાબાઈનો જન્મ રાજસ્થાનના અલવર જિલ્લાના કાલવા ગામના ખેડૂત પરિવારમાં જીવન રામ ડૂડી અને માતા રત્નાદેવીની કૂખે ૨૦ ઓગસ્ટ ૧૬-૧૫ના રોજ આજથી ૪૧૦ વર્ષ પહેલાં થયો હતો. કરમાબાઈના પિતા જીવન રામ ભગવાનના પરમ ભક્ત હતા. તેમનો નિત્ય નિયમ હતો કે તેઓ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને જલપાન કરાવ્યા સિવાય પોતે જળ ગ્રહણ કરતા નહોતા, ભગવાનને ભોગ ધરાવ્યા પછી જ ભોજન ગ્રહણ કરતા હતા. ઈશ્વર પ્રાપ્તિના માટે તેમને અનેક તીર્થોમાં ભ્રમણ કર્યું હતું. કરમાબાઈનો જન્મ થતાં જ તેઓ હસ્યાં હતાં તેથી એક વૃદ્ધ દાઈએ કહ્યું હતું કે આ બાલિકા ઈશ્વરનો અવતાર છે. કરમાબાઈનું લગ્ન અલવર જિલ્લાના સોઉ ગોત્રમાં ગઢી મામોડ ગામમાં લિખમા રામ સાથે કરવામાં આવ્યું હતું પરંતુ થોડા જ સમયમાં તેઓ વિધવા બન્યાં હતાં, તે સમયે કરમાબાઈ કાલવામાં હતાં. પતિના અંતિમ સંસ્કાર કરવા માટે તેઓ પોતાની સાસરીના ગામ ગઢી મામોડ ગયાં હતાં. તેઓએ આજીવન બાલવિધવાના રૂપમાં પોતાનું જીવન ભગવાનની ભક્તિમાં વ્યતીત કર્યું હતું. તેઓ તેમના પિતૃક ગામ કાલવામાં ઘર અને ખેતીનું તમામ કામ કરતાં હતાં તથા અતિથિઓની ઘણી સેવા કરતાં હતાં. કાલવા સિવાયના આસપાસના ગામોમાં પણ તેમની પ્રસંશા થવા લાગી.

કરમાબાઈના પૂર્વજન્મ વિશે કહેવાય છે કે જ્યારે માતા શ્રી યશોદાજી વયોવૃધ્ધ થયા તે સમયે તેઓએ લાડકવાયા લાલાને યાદ કરતાં પ્રભુ પ્રગટ થયા ત્યારે ફરીથી લાડ લડાવવા પુનઃ એક અવતારની ઈચ્છા પ્રગટ કરી હતી. શ્રી ઠાકોરજીની કૃપાથી તેઓ શ્રી કરમાબાઈ રૂપે જન્મ્યાં હતા. તેમની સ્થિતિ ગરીબ પણ અંતરની અમીરાત ઘણી હતી.

કરમાબાઈના પિતા ભગવાનના પરમ ભક્ત હતા, એકવાર કરમાબાઈના પિતા કેટલાક દિવસો માટે તીર્થયાત્રા કરવા બહાર જાય છે ત્યારે ભગવાનની પૂજા-અર્ચના તથા ભગવાનને ભોગ ધરાવવાની જવાબદારી કરમાબાઈને સોંપીને જાય છે. બીજા દિવસે ભોળાં કરમાબાઈએ ખિચડી બનાવીને ભગવાનને ભોગ ધર્યો તો ભગવાને ગ્રહણ ન કર્યો ત્યારે કરમાબાઈએ વિચાર્યું કે કદાચ પડદો ન હોવાથી ભગવાન ભોગ ગ્રહણ કરતા નથી, તેથી કરમાબાઈએ પોતાના ચણિયાનો પડદો બનાવ્યો અને પોતાનું મુખ બીજી તરફ ફેરવી લીધું કે જેથી ભગવાન ભોગ ગ્રહણ કરી શકે. તેમ છતાં ભગવાને ભોગ ગ્રહણ ન કર્યો ત્યારે કરમાબાઈ કહે છે કે ભગવાન! આપ ભોજન નહીં કરો તો હું પણ ભોજન નહી કરૂં. આમ પ્રથમ દિવસે કરમાબાઈ ભૂખ્યાં રહ્યાં. બીજા દિવસે પણ કોઈ પરિણામ ન આવ્યું ત્યારે કરમાબાઈએ કહ્યું કે પ્રભુ! આપ ભોજન નહીં આરોગો તો હું પણ ભોજન ગ્રહણ નહીં કરૂં અને ભૂખ્યા રહીને મારા પ્રાણનો ત્યાગ કરીશ. આમને આમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. ત્રીજા દિવસે ભગવાને કરમાબાઈને સ્વપ્નમાં આવીને કહ્યું કે ઉઠ! જલ્દીથી ખિચડી બનાવ, મને ઘણી ભૂખ લાગી છે.

કરમાબાઈ સફાળા જાગી ગયા અને જલ્દીથી ખિચડી બનાવી અને ભગવાનને ભોગ ધરાવ્યો તો થોડી જ વારમાં ભગવાન બધી જ ખિચડી ખાઈ ગયા. કરમાબાઈ ઘણા જ ખુશ થાય છે. હવે તો દરરોજ કરમાબાઈ ભગવાનને ખિચડીનો ભોગ ધરાવવા લાગ્યા અને ભગવાન બાલરૂપમાં આવીને કરમાબાઈના ખોળામાં બેસી તેમની ખિચડી ખાવા લાગ્યા, આ કરમાબાઈની ભક્તિની ચરમસીમા હતી. કરમાબાઈને રોજ ચિંતા રહેતી કે બાલકૃષ્ણને ભોજનમાં મોડું ન થવું જોઈએ એટલે તે કોઈ વિધિવિધાનમાં પડ્યા વિના અત્યંત પ્રેમથી ખિચડી તૈયાર કરતાં હતાં. એકવાર કરમાબાઈના ઘેર એક સાધુ



**બોધ કથા**

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

આવે છે અને નાહ્યા-ધોયા વિના અપવિત્ર દશામાં ખિચડી તૈયાર કરી ભગવાનને ભોગ ધરાવતાં જુવે છે એટલે તેમને કરમાબાઈને પવિત્રતાના માટે સ્નાન વગેરે વિધિ બતાવી. ભક્તિમતી કરમાબાઈએ બીજા દિવસે સાધુને બતાવ્યા અનુસાર સ્નાન વગેરે વિધિ કરી ખિચડી તૈયાર કરી પરંતુ આમ કરવાથી મોડું થઈ ગયું તેથી તેમનું હૃદય રડી ઉઠે છે કે આજે મારો શ્યામસુંદર ભૂખથી વ્યાકુળ થયા હશે.



**પ્રભુએ કરમાબાઈનો ખિચડો ખાધો, વિદુરની ખાધી ભાજી શબરીબાઈના બોરમાં, રામ થયા બહુ રાજી..**

કરમાબાઈએ દુઃખી મનથી શ્યામસુંદરને ખિચડી ખવડાવી, તે જ સમયે પુરી(ઓરિસ્સા)માં આવેલ જગન્નાથ મંદિરમાં ઘીમાંથી બનેલ અનેક પકવાન ધરાવી પૂજારી પ્રભુને આહ્‌વાન કરે છે ત્યારે ભગવાન કરમાબાઈની ખિચડી ખાઈને એંઠા મુખે પ્રગટ થાય છે. પૂજારીને ઘણી જ નવાઈ લાગે છે. તે દિવસે પૂજારીએ જોયું કે ભગવાનના મુખારવિંદ ઉપર ખિચડી ચોંટેલી હતી. પૂજારી પણ ભગવાનના અનન્ય ભક્ત હતા. પૂજારીએ નમ્રભાવે ભગવાનને વાસ્તવિકતા જાણવા પ્રાર્થના કરી ત્યારે જવાબ મળ્યો કે દરરોજ સવારે હું કરમાબાઈ પાસે ખિચડી ખાવા માટે જાઉં છું, તેમની ખિચડી મને ઘણી મધુર અને પ્રિય લાગે છે પણ આજે એક સાધુએ આવીને કરમાબાઈને સ્નાન વગેરેની વિધિ બતાવી એટલે ખિચડી બનાવવામાં મોડું થયું એટલે મને ભૂખનું કષ્ટ તો થયું અને ઉતાવળમાં એંઠા મુખે જ મારે આવવું પડ્યું.

ભગવાનની આજ્ઞાનુસાર પૂજારીએ તે સાધુને શોધીને ભગવાને કહેલ તમામ વાતો કહી. ગભરાયેલા સાધુ દોડતા કરમાબાઈના ઘેર જાય છે અને કહે છે કે આપ પહેલાંની જેમ જ ખિચડી બનાવીને ભગવાનને જમાડો. આપના માટે કોઈ નિયમની આવશ્યકતા નથી અને કરમાબાઈ પહેલાંની જેમ ખિચડી બનાવીને ભગવાનને ભોગ ધરાવવા લાગ્યાં. કરમાબાઈના ઘેર ભગવાન જાતે આવીને ભોજન આરોગે છે આ વાત વાયુવેગે ચારે બાજુ ફેલાઈ ગઈ. સંતોએ વાણીમાં ગાયું કે..

પ્રભુએ કરમાબાઈનો ખિચડો ખાધો, વિદુરની ખાધી ભાજી

શબરીબાઈના બોરમાં રામ થયા બહુ રાજી..

ઘણા દિવસો પછી જ્યારે કરમાબાઈના પિતા તીર્થયાત્રા પુરી કરીને ઘેર પરત આવે છે ત્યારે આ ઘટના કે પ્રભુ દરરોજ બાળસ્વરૂપે આવીને કરમાબાઈનો ખિચડો આરોગે છે જાણીને તેમને ઘણી જ નવાઈ લાગે છે અને કરમાબાઈ થકી તે પણ ભગવાનના દર્શન કરી પોતાને ધન્યભાગી સમજે છે.

કરમાબાઈના પ્રેમના બંધનમાં બંધાઈને ભગવાન જગન્નાથ દરરોજ સવારે ખિચડીનો પ્રસાદ આરોગવા આવે છે એટલે પ્રભુ જગન્નાથ મંદિરના પંડિતોએ આ સમસ્યાના સમાધાન માટે દરરોજ ભગવાનને રાજભોગ ધરાવતા પહેલાં કરમાબાઈના ખિચડાનો ભોગ જગન્નાથપુરીના મંદિરમાં ધરાવવા લાગ્યા કે જેથી ભગવાનને કરમાબાઈનો ખિચડાનો પ્રસાદ જમવા જવું ન પડે. આજે પણ જગન્નાથપુરીના મંદિરમાં કરમાબાઈના પ્રભુ પ્રત્યેના પ્રેમનું જ્વલંત ઉદાહરણ જોવા મળે છે. પુરી(ઓરિસ્સા)માં આવેલ જગન્નાથ મંદિરમાં કરમાબાઈનું મંદિર આવેલું છે અને દરરોજ ભગવાન જગન્નાથજીને ખિચડીનો ભોગ ધરાવવામાં આવે છે.

કરમાબાઈની ભક્તિની ચર્ચા દૂર દૂર સુધી થવા લાગી. કરમાબાઈએ પોતાનું સમગ્ર જીવન ભગવાનની ભક્તિમાં વ્યતીત કર્યું. કરમાબાઈની ભક્તિનું પરિણામ એ છે કે આજે પણ રાજસ્થાનમાં આ વાત્સલ્ય ભક્તિના કિસ્સા લોકોની જીભે સાંભળવા મળે છે. મહિલાઓ કૃષ્ણ મંદિરોમાં કરમાબાઈની ખિચડી સંબંધિત ભજનો ભક્તિભાવથી ગાય છે. આમ કરમાબાઈએ પોતાની અનોખી વાત્સલ્ય ભક્તિના કારણે આ સંસારમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી તા.૨૫.૦૭.૧૬૯૧ના રોજ આ નશ્વર દેહ છોડી પરમાત્મામાં વિલીન થઈ ગયાં અને ભગવાનમાં આસ્થા રાખનારાઓ માટે એક સંદેશ છોડીને ગયાં કે બાહ્ય શુદ્ધતાની જગ્યાએ આત્માની શુદ્ધતા તથા ભગવાનમાં સાચી પ્રિતથી પ્રભુ પ્રાપ્તિ સંભવ છે.

કરમાબાઈએ પોતાની ભોળી ભક્તિની શક્તિથી તે આજે પણ એવી સ્ત્રીઓના માટે ઉદાહરણરૂપ બન્યા છે કે જે આચાર-વિચારના વિના પણ ભગવાનમાં સાચી પ્રિત રાખે છે. કરમાબાઈ વાસ્તવમાં સાચા પ્રેમનું પ્રતિક હતાં. કવિએ લખ્યું છે કે..

*કરમાં કુલમેં જાટણી નરતનકો અવતાર, પ્રેમ પ્રિતકી પૂતલી સિરજી સિરજનહાર..*

# તમારે દરરોજ એક અનાર (દાડમ) કેમ ખાવું જોઈએ...?

**દાડમ** એક લાલ ફળ છે. તેમાં ઘણા બધા લાલ, રસદાર, મીઠા બીજ હોય છે. આ છોડનું વૈજ્ઞાનિક નામ 'પુનિકા ગ્રેનાટમ' છે. દાડમને સંસ્કૃતમાં 'દાડિમમ્' અને અંગ્રેજીમાં 'પોમેગ્રેનેટ' કહેવામાં આવે છે. તે કોલેરેટિક ફળ છે. આ છોડ લગભગ ૩ થી ૫ મીટર ઊંચો વધે છે. આ ફળ ઈરાન, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનમાં ઉદ્‌ભવ્યું હોવાનું માનવામાં આવે છે. દાડમ આનંદથી ખાવામાં આવે છે. દાડમમાં દાંત જેવા દેખાતા બીજ હોય છે. આ ફળમાંથી આયુર્વેદિક દવા બનાવવામાં આવે છે. તે આરોગ્ય માટે ખુબ જ ફાયદાકારક છે.



અનાર અથવા દાડમ લાંબા સમયથી પરંપરાગત દવામાં સામેલ છે. અને હવે, આધુનિક વિજ્ઞાન એ પણ દર્શાવે છે કે દિવસમાં એક દાડમ અથવા આ ફળનો એક ભાગ ખાવાથી તમારા આરોગ્યમાં અવિશ્વસનીય સુધારો થઈ શકે છે. કેવી રીતે?

આ રૂબી-લાલ ફળો એન્ટીઑક્સિડન્ટ, ફાઈબર અને મહત્ત્વપૂર્ણ વિટામિન્સથી ભરપૂર છે અને તેમને નિયમિતપણે ખાવાથી ઘણા આરોગ્ય લાભ થાય છે અને તેથી, તમારા દૈનિક આહારમાં ફક્ત એક દાડમ - અથવા આ પોષક તત્ત્વોથી ભરપૂર બીજનો અડધો કપ - રાખવાથી મોટા ફાયદા થાય છે. અહીં અમે દરરોજ એક અનાર (દાડમ) ખાવાના કેટલાક ફાયદાઓની યાદી આપીએ છીએ.

**હૃદયની તંદુરસ્તીમાં વધારો કરે છે**

દાડમ ખાવાથી અથવા તેનો રસ દરરોજ પીવાથી તમારા હૃદય માટે ખૂબ જ સારું થઈ શકે છે. 'દાડમ પ્રોટેક્શન અગેન્સ્ટ કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ'૩ પર વર્ષ ૨૦૧૨માં થયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે દાડમનું સેવન બ્લડ પ્રેશર ઘટાડવામાં અને રક્તવાહિની તંત્રમાં ઓક્સિડેટીવ તણાવ ઘટાડીને તમારી ધમનીઓને સુરક્ષિત રાખવામાં કેવી રીતે મદદ કરી શકે છે. આનો અર્થ એ છે કે તે તમારા શરીરને હાનિકારક મુક્ત રેડિકલ દ્વારા થતા નુકસાન સામે લડવામાં મદદ કરે છે. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે દાડમનો રસ કોલેસ્ટ્રોલના સંચયની શક્યતા ઘટાડી શકે છે, તમારી રક્ત વાહિનીઓમાં બિનઆરોગ્યપ્રદ ચરબીનું નિર્માણ અટકાવી શકે છે અને એથરોસ્ક્લેરોસિસનું જોખમ ઘટાડી શકે છે - જે એક તબીબી સ્થિતિ છે જ્યાં તમારી ધમનીઓ ભરાઈ જાય છે અને કડક થઈ જાય છે.



**ત્વચાનું રક્ષણ કરે છે અને વૃદ્ધત્વ ધીમું કરે છે**

અનાર અથવા દાડમ એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર હોય છે અને તેથી, જ્યારે દરરોજ ખાવામાં આવે છે, ત્યારે દાડમ ત્વચાને મુક્ત રેડિકલ નુકસાનથી બચાવવામાં મદદ કરી શકે છે, કોલેજનની રચનાને પ્રોત્સાહન આપે છે અને ત્વચાને ઓક્સિડેટીવ નુકસાન પણ ઘટાડે છે. આ તમારી ત્વચાને વધુ ચમકદાર બનાવશે અને વૃદ્ધત્વ ધીમું કરશે.

**યાદશક્તિ વધારે છે અને મગજના કાર્યમાં સુધારો કરે છે**

૨૦૧૩માં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, દરરોજ દાડમ ખાવાથી મગજની કાર્યક્ષમતામાં સુધારો થાય છે અને યાદશક્તિમાં વધારો થાય છે. અભ્યાસ સૂચવે છે કે દરરોજ દાડમ ખાવાથી 'મેટાબોલાઈટ્સ વધે છે, યાદશક્તિમાં સુધારો થાય છે અને મૌખિક અને બિન-મૌખિક યાદશક્તિ કાર્યો માટે ડાબા અને જમણા ગોળાર્ધમાં કાર્ય-સંબંધિત મગજ સક્રિયકરણમાં વધારો થાય છે.

**પાચનશક્તિને ટેકો આપે છે**

દાડમ દ્રાવ્ય અને અદ્રાવ્ય બંને પ્રકારના ફાઈબરથી ભરપૂર હોય છે, અને તેના બીજ પ્રીબાયોટિક્સ તરીકે કાર્ય કરે છે - અને તેથી દાડમ ખાવાથી તમારા પાચન શક્તિમાં સુધારો થાય છે. ૨૦૧૭ના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દાડમ અથવા તેનો રસ એવા લોકો માટે મદદરૂપ થઈ શકે છે જેમને બળતરા આંતરડા રોગ (IBD) અને આંતરડાની અન્ય સ્થિતિઓ હોય છે કારણ કે તેમાં પોલીફેનોલનું પ્રમાણ વધુ હોય છે.

**કેન્સર નિવારણ**

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) દાડમને એક કુદરતી ઉપાય તરીકે સૂચિબદ્ધ કરે છે જે પ્રોસ્ટેટ કેન્સરને રોકવા અથવા તેનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે. ૨૦૧૪ના એક અભ્યાસ મુજબ, દાડમમાં જોવા મળતા પોલીફેનોલ્સ પ્રોસ્ટેટ કેન્સર કોષોના વિકાસને ધીમું કરવામાં મદદ કરી શકે છે. ઉંદરો પરના પ્રયોગોમાં, સંશોધકોએ અવલોકન કર્યું કે દાડમના ફળના અર્ક પ્રોસ્ટેટ-વિશિષ્ટ એન્ટિજન (PSA) સ્તર ઘટાડવામાં મદદ કરે છે અને ગાંઠના વિકાસને પણ ધીમો પાડે છે. પ્રોસ્ટેટ કેન્સર ઉપરાંત, દાડમમાં રહેલા કેટલાક સંયોજનો સ્તન, ફેફસાં અને ત્વચાના કેન્સર સામે પણ રક્ષણ આપી શકે છે.




**■ દાડમના ઔષધીય ગુણધર્મો હૃદયમાં સૂક્ષ્મ રક્તવાહિનીઓને ખુલ્લી રાખવાનું કાર્ય કરે છે, દાડમ ખાનારાઓની ત્વચાને તેજસ્વી રાખવામાં દાડમ મદદ કરે છે**

**■ દરરોજ દાડમ ખાવાથી બગડેલા અવાજને સુધારવામાં મદદ મળે છે, ૨૦ ગ્રામ દાડમ અને ૧૦ ગ્રામ દાણાદાર ખાંડ ભેળવીને કમળો મટે છે**

દાડમ એક આયુર્વેદિક દવા છે. દાડમનો ઉપયોગ દાડમષ્ટક, દાડમદિ ચુર્ણ, દાડમદિ તેલ જેવી દવાઓમાં થાય છે. જો દાડમની છાલ ખાવામાં આવે તો ઝાડા બંધ થાય છે. જો છાલને ફક્ત મોંમાં રાખવામાં આવે તો ખાંસી નિયંત્રિત થાય છે. દાડમના ઔષધીય ગુણધર્મો હૃદયમાં સૂક્ષ્મ રક્તવાહિનીઓને ખુલ્લી રાખવાનું કાર્ય કરે છે. દાડમ ખાનારાઓની ત્વચાને તેજસ્વી રાખવામાં દાડમ મદદ કરે છે. દરરોજ દાડમ ખાવાથી બગડેલા અવાજને સુધારવામાં મદદ મળે છે. ૨૦ ગ્રામ દાડમ અને ૧૦ ગ્રામ દાણાદાર ખાંડ ભેળવીને કમળો મટે છે. દાડમ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ફળ છે. તેમાં આયર્ન હોય છે.

**દાડમનું પોષણ સ્તર**

આ ફળના ૧૦૦ ગ્રામમાં ૮૩ ગ્રામ કેલરી, ૧.૭ ગ્રામ પ્રોટીન, ૧૮.૭ ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ, ૧૩.૭ ગ્રામ ખાંડ, ૪ ગ્રામ ડાયેટરી ફાઈબર અને ૧.૨ ગ્રામ ચરબી હોય છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ઇનિંગ્સમાં સદી ફટકારનાર રિષભ પંતને ચેતવણી આપવામાં આવી

**પંતે સદી ફટકાર્યા પછી તે જ સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું પરંતુ તેણે ફરી આ ભૂલ ન કરવી જોઈએ : પારડીવાલા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ :** ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી ટેસ્ટ પહેલા રિષભ પંતને ચેતવણી આપવામાં આવી છે, જો તે બીજી ટેસ્ટ મેચમાં ફરીથી આ ભૂલ કરશે, તો તેને ફક્ત શ્રેણીમાંથી જ નહીં પરંતુ ટીમ ઇન્ડિયામાંથી પણ મહિનાઓ માટે બહાર રહેવું પડી શકે છે. પંતે છેલ્લી મેચની પહેલી ઈનિંગ્સમાં સદી ફટકાર્યા પછી મોટી ભૂલ કરી હતી, પરંતુ હવે તેને ચેતવણી આપવામાં આવી છે.

રિષભ પંતે છેલ્લી મેચની બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી. તેણે પહેલી ઈનિંગમાં ૧૩૮ રન બનાવ્યા અને પછી પોતાના સેલિબ્રેશનથી ચર્ચામાં આવ્યો હતો. પંતે હેન્ડસ્પ્રિંગ સેલિબ્રેશન કર્યું જેમાં તે માસ્ટર છે.

IPL 2025ની છેલ્લી મેચમાં પણ પંતે સદી ફટકાર્યા પછી તે જ સ્ટાઇલમાં સેલિબ્રેશન કર્યું. પરંતુ તેણે ફરી આ ભૂલ ન કરવી જોઈએ. ૨૦૨૨માં કાર અકસ્માત બાદ રિષભ પંતની સારવાર કરનારા સર્જન ડૉ.દિનશા પારડીવાલાએ તેને ચેતવણી આપી છે.

દિનશા પારડીવાલાએ ધ ટેલિગ્રાફને કહ્યું, રિષભે બાળપણમાં જિમ્નેસ્ટિક્સ શીખ્યું છે, જેના કારણે તે ખૂબ જ ચપળ અને ફ્લેક્સિબલ છે. સમરસોલ્ટ એક સંપૂર્ણ અને સારી રીતે પ્રેક્ટિસ કરાયેલ મૂવ છે, પરંતુ તે જરૂરી નથી. પંત ખૂબ નસીબદાર હતો કે તે કાર અકસ્માતમાં બચી ગયો કારણ કે તે પ્રકારના અકસ્માતમાં મોતની શક્યતા ખૂબ વધારે હોય છે.

દિનશા પારડીવાલાએ વધુમાં કહ્યું, આવા અકસ્માતમાં, જેમાં કાર પલટી જાય છે અને આગ લાગી જાય છે, મોતનું જોખમ ઘણું વધી જાય છે. જોકે, બીજી ઈનિંગમાં સદી ફટકાર્યા પછી પંતે પોતાનું સેલિબ્રેશન બદલી નાખ્યું હતું. ગાવસ્કરે તેને ફ્રન્ટ ફ્લિપ કરવાનું કહ્યું, પરંતુ પંતે તેને ટાળ્યું હતું.

ઈન્ટરવ્યૂમાં દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બનું નિવેદન

## હું સચિનને હંમેશા કહું છું કે મારા લીધે તારું નામ થયું

**સચિન ૧૮ વર્ષના હતા ત્યારે તેનો કેચ સ્લિપમાં છોડી દીધો હતો : આ તકનો ફાયદો ઉઠાવીને તેણે સદી ફટકારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૩૦ :** ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરને ક્રિકેટના ભગવાન કહેવામાં આવે છે. આ દરમિયાન ઈંગ્લૅન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બે સચિન તેંડુલકરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, હું સચિનને હંમેશા કહું છું કે મારા લીધે તારું નામ થયું છે. જો કે, તેમણે આ વાત હળવા અંદાજમાં કહી હતી. તે સચિન તેંડુલકરનું ખૂબ સન્માન કરે છે અને તેમના મોટા ચાહક છે.



એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ઈંગ્લૅન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બને સવાલ કરવામાં આવ્યો હતો કે, તમે સુનીલ ગાવસ્કર, સચિન તેંડુલકર અને વિરાટ કોહલીમાંથી કોને ઉપર રાખવા માંગો છો? જવાબમાં એલન લેમ્બને કહ્યું, ખૂબ જ સરળ છે, સચિન તેંડુલકર. જ્યારે તે (સચિન તેંડુલકર) ૧૮ વર્ષના હતા ત્યારે હું તેમની સામે રમ્યો હતો. મેં તેનો કેચ સ્લિપમાં છોડી દીધો હતો. આ તકનો ફાયદો ઉઠાવીને તેણે સદી ફટકારી હતી. તેથી જ હું સચિનને હંમેશા કહું છું કે, મારા લીધે તારું નામ થયું છે.

વિરાટ કોહલી અંગે એલન લેમ્બ કહ્યું, કોહલી એક શાનદાર ખેલાડી છે. તેની પાસે દરેક પ્રકારના શોટ રમવાની ક્ષમતા છે અને તે ઝડપથી રન બનાવી શકે છે. પરંતુ હું જે ખેલાડીઓ સામે રમ્યો છું તેની વાત કરું તો હું સચિન તેંડુલકરનું નામ લઈશ. હું તેને સુનીલ ગાવસ્કરથી પણ આગળ રાખીશ.

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવ વિશે એલન લેમ્બે કહ્યું છે કે, મને કપિલ દેવની રમવાની રીત ખૂબ ગમતી હતી. અમે નોર્થમ્પ્ટનમાં સાથે રમ્યા હતા. મને યાદ છે કે તે મારી પાસે આવ્યા હતા અને મેં કહ્યું હતું કે, કપી હું ખૂબ ખુશ છું કે તમે અહીં આવ્યા છો. આપણે આપણી બોલિંગને મજબૂત બનાવવાની જરૂર છે. ત્યારે તેમણે કહ્યું હતું કે, ના હું મારી બોલિંગ નહીં, પણ મારી બેટિંગ સુધારવા આવ્યો છું. હું અહીં એક બેટ્સમેન તરીકે આવ્યો છું, જેનો મને આનંદ છે. ઑગસ્ટ ૧૯૯૦માં માન્ચેસ્ટરમાં ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ હતી. તે સમયે ૧૮ વર્ષની ઉંમરે સચિન તેંડુલકરે ટેસ્ટ ક્રિકેટમાં પહેલી સદી ફટકારી હતી. આ મેચમાં એલન લેમ્બે સચિન તેંડુલકરનો કેચ છોડ્યો હતો.

પાત્રતા ધરાવતો કોઈ મતદાર યાદીમાંથી બાકાત ના રહે તે સુનિશ્ચિત કરાશે

## ચૂંટણી પંચ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી અપલોડ કરશે

**બિહાર વિધાનસભાની ૨૪૩ સીટો પર કુલ ૭.૭૮૯ કરોડ મતદારો છે. રાજ્યમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

કેન્દ્રીય ચૂંટણી પંચ જલદી જ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી પોતાની વેબસાઈટ પર અપલોડ કરશે, જેથી એમાં સામેલ લગભગ ૪.૯૬ કરોડ મતદારોને મતદાર યાદીના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણ માટે ગણતરી ફોર્મની સાથે સંલગ્ન કરવામાં આવનાર પ્રાસંગિક ભાગને કાઢવામાં સરળતા રહે.

ચૂંટણી પંચ દ્વારા બિહાર ચૂંટણી મશીનરીને આપેલી સૂચના અનુસાર, ૨૦૦૩ના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણમાં સૂચિબદ્ધ કુલ મતદારોમાંથી ૬૦ ટકા એટલે કે ૪.૯૬ કરોડ મતદારોના સંશોધન પછી સામે આવેલી મતદાર યાદીના પ્રાસંગિક ભાગને છોડીને પોતાની જન્મ તારીખ, સ્થળ કે જન્મને પ્રમાણિકત કરનાર કોઈ સહાયક પ્રમાણપત્ર કે ડોક્યુમેન્ટ રજૂ કરવાની જરૂરિયાત નથી. અન્ય ત્રણ કરોડ એટલે કે ૪૦ ટકા મતદારોએ પોતાની જન્મતારીખ કે જન્મસ્થળને પ્રમાણિત કરવા માટે ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક ડોક્યુમેન્ટ રજૂ કરવાનું રહેશે.

ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે, મૂળ અભ્યાસ બાકીના ત્રણ કરોડ મતદારોમાંથી પ્રત્યેક વ્યક્તિની ઓળખ કરવાનો છે, ત્યાર પછી જ તેમના નામ મતદાર યાદીમાં સામેલ કરાશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે રવિવારે જણાવ્યું કે, વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણથી એ સુનિશ્ચિત થશે કે કોઈ પણ પાત્રતા ધરાવનાર મતદાર યાદીમાંથી બહાર રહે નહીં અને કોઈ બિનપાત્રતા ધરાવતો મતદાર યાદીમાં સામેલ થઈ જાય નહીં.

ઉલ્લેખનીય છે કે, બિહાર વિધાનસભાની ૨૪૩ સીટો પર કુલ ૭.૭૮૯ કરોડ મતદારો છે. રાજ્યમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે.

ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે ભારત સરકારની પ્રતિક્રિયા

# ભારત અમેરિકા સાથે સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે : નાણામંત્રી

**ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે : નાણામંત્રી નિર્મલા સીતારામન**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ ભારતે જવાબ આપ્યો છે. ટ્રમ્પે અમેરિકા-ભારત વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ સમજૂતી થવાની હોવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, 'હા, કેમ નહીં, અમે અમેરિકા સાથે સારી સમજૂતી કરવા ઈચ્છીશું. આ મામલે ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે.

ભારત અમેરિકા સાથે જરૂર સારી સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે. ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે.'

ટ્રમ્પે રવિવારે (૨૯ જૂન) સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ભારત સહિત કેટલાક દેશો સાથે ટ્રેડ ડીલ થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે ૯ જુલાઈની ટ્રેડ ડેડલાઈનને વધારવાની જરૂર નથી. આ ડેડલાઈન તે દેશો માટે નક્કી કરાઈ છે જે અમેરિકા સાથે નવી ટ્રેડ ડીલ કરવા ઈચ્છે છે તેથી વધારે ટેરિફથી બચી શકાય. તેમણે ભારત સાથે ટ્રેડ ડીલ પર પણ કહ્યું કે, આ ખૂબ જ જલ્દી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, 'મને નથી લાગતું કે મારે ડેડલાઈનને વધારવાની જરૂર પડશે. જો ઈચ્છીએ તો વધારી શકીએ છીએ, કોઈ મોટી વાત નથી.' નાણામંત્રીએ અમેરિકા સાથે ટ્રેડ ડેલ કેમ જરૂરી છે, તે અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'આપણે જે સ્થિતિ પર છીએ અને જે પ્રમાણે આપણું લક્ષ્યાંક છે, તે મુજબ આપણે જેટલું વહેલું મજબૂત અર્થવ્યવસ્થાઓ સાથે સમજૂતી કરીશું, તેટલું આપણા માટે સારી વાત છે.'

ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આવી રહેલી અડચણો ટૂંક સમયમાં દૂર થઈ જશે. સમજૂતીમાં આઈટી, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિઝ, ઓટોમોબાઈલ સેક્ટર સામેલ હોઈ શકે છે. આમ તો બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અંગે સ્થિતિ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં માહિતી સામે આવી જશે.

સૂત્રના જણાવ્યા મુજબ, અમેરિકા અને ભારત વચ્ચે મુખ્યત્વે કૃષિ, ઓટોમોબાઈલ, ઔદ્યોગિક ઉત્પાદનો અને શ્રમજીવી પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રો પર ડીલ થશે. અમેરિકાને કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સમાં ડ્યૂટીમાં રાહત આપવાથી ભારત માટે પડકારો ઉભા થયા છે. ભારતે મુક્ત વેપાર કરારમાં ડેરી ક્ષેત્રે અત્યારસુધી કોઈ કરાર કર્યા નથી. જેથી આ ક્ષેત્રે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. આ સિવાય અમેરિકા ઔદ્યોગિક ઉત્પાદનો, ઓટોમોબાઈલ્સ ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, વાઈન, પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ, ડેરી, અને કૃષિ પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની ઈચ્છા ધરાવે છે. જ્યારે ભારતે ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, લેધર ગુડ્સ, કપડાં, પ્લાસ્ટિક, કેમિકલ્સ, તેલિબિયાં સહિતની પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની માગ કરી છે.

## ભારતમાં આફતનું આભ ફાટ્યું : બિહારમાં ૬ યુવતી વોટરફોલમાં તણાઇ, હિમાચલમાં અત્યાર સુધી ૩૧ના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડ તેમજ બિહારમાં ભારે વરસાદના કારણે જાનમાલને નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં હિમાચલમાં ભારે વરસાદ અને વીજળી પડવાથી ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બિહારમાં ૫ લોકોના મોત થયા છે. રવિવારે બિહારના ગયામાં લગુરાહી વોટરફોલમાં પાણીના સ્તરમાં અચાનક વધારો થવાને કારણે ૬ છોકરીઓ ભારે પ્રવાહમાં તણાઈ ગઈ હતી. જોકે સ્થળ પર હાજર સ્થાનિક લોકોએ તત્પરતા દાખવીને બધી છોકરીઓને બચાવી લીધી હતી.

આ ઘટનાનો વીડિયો હાલ વાઈરલ થઈ રહ્યો છે. લગુરાહી વોટરફોલમાં આનંદ માણવા દર વર્ષે ઘણા લોકો આવે છે એવામાં રવિવારે વાતાવરણ સામાન્ય હોવાથી ઘણા લોકો વોટરફોલની મુલાકાતે આવ્યા હતા. એવામાં અચાનકથી પાણીના પ્રવાહમાં વધારો થતા ૬ છોકરીઓ તણાઈ ગઈ હતી.

આ ઉપરાંત ઉતરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ઉત્તરાખંડના ચારધામ માર્ગ પર હવામાનની અસર વધુ જોવા મળી રહી છે. દેહરાદૂનથી બદ્રીનાથ અને કેદારનાથ સુધી ઘણી જગ્યાએ સતત ભૂસ્ખલન થઈ રહ્યું છે. સતત વરસાદને કારણે નદીઓ અને નાળા છલકાઈ રહ્યા છે. બદ્રીનાથથી વહેતી અલકનંદા અને કેદારનાથથી વહેતી મંદાકિનીનો પ્રવાહ એટલે જોરદાર છે કે રુદ્રપ્રયાગમાં બંને નદીઓના સંગમ પર એવું લાગી રહ્યું છે કે ૧૨ ફૂટ ઊંચી શિવ પ્રતિમાની જટાને સ્પર્શ કરી રહી છે.

ભારે વરસાદને ધ્યાનમાં રાખીને ચારધામ યાત્રા એક દિવસ માટે રોકી દેવામાં આવી હતી. બીજી તરફ, ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને હવામાન સંપૂર્ણપણે સાફ ન થાય ત્યાં સુધી સાવચેત રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે શાળાઓમાં સોમવારે રજાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે.

ઉત્તરાખંડમાં સતત ત્રીજા દિવસે પણ ભારે વરસાદ છે. હવામાન વિભાગે દેહરાદૂન, ઉત્તરકાશી, ટિહરી, પૌરી, રુદ્રપ્રયાગ, હરિદ્વાર, નૈનિતાલ, ચંપાવત અને ઉધમ સિંહ નગર સહિત કુલ ૯ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ૩૧ લોકોના મોત, ૬૬ લોકો ઘાયલ અને ૪ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ કહ્યું છે કે, સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને તમામ નાગરિકોને સ્થાનિક વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. તેમજ વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## હિમાચલ પ્રદેશમાં પાંચ માળની ઇમારત પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શીમલા, તા.૩૦**

હિમાચલ પ્રદેશમાં ચોમાસાએ તબાહી મચાવી છે. વરસાદની તીવ્રતા જોઈને લોકો ડરી ગયા છે. વરસાદને કારણે લોકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. દરરોજ આપણને અનેક નવા અકસ્માતો વિશે સાંભળવા મળે છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં પડી રહેલા મુશળધાર વરસાદને કારણે લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાથી આવી જ એક હૃદયદ્રાવક દુર્ઘટના પ્રકાશમાં આવી છે, જેનો વાયરલ વીડિયો જોઈને તમારું હૃદય કંપી જશે. શિમલાના ભટ્ટાકુફર વિસ્તારમાં ભારે વરસાદ બાદ પહાડો પર વિનાશ સર્જાયો હતો. પાંચ માળની ઈમારત આંખના પલકારામાં પત્તાના મહેલની જેમ તૂટી પડી. આ દ્રશ્ય કેમેરામાં કેદ થયું.

તમને જણાવી દઈએ કે રવિવારે (૨૯ જૂન) શિમલા હવામાન કેન્દ્રે હિમાચલ પ્રદેશના ૧૦ જિલ્લામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું હતું. શિમલા હવામાન કેન્દ્રે લોકોને તેમના ઘરોમાં રહેવાની સૂચના આપી છે. વરસાદને કારણે, શિમલા-કાલકા રેલ લાઇન પર કલાકો સુધી સેવાઓ બંધ રાખવામાં આવી હતી જ્યાં સુધી રાતોરાત વરસાદ પછી પાટા પર પડેલા કાટમાળ અને વૃક્ષો સાફ કરવામાં આવ્યા ન હતા.

રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી મૃત્યુઆંક ૨૦ પર પહોંચી ગયો છે અને છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોના મોત થયા છે. શિમલા અને ચંદીગઢને જોડતા શિમલા-કાલકા રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH-5 પર કોટી ખાતે ભૂસ્ખલનથી રસ્તાના કેટલાક ભાગોને નુકસાન થયું છે અને જેના કારણે લોકોને અવરજવરમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સોલનના પોલીસ અધિક્ષક (SP) ગૌરવ સિંહે (૨૯ જૂન) જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે NH-5 પર ચક્કી મોર નજીક ટ્રાફિક બંધ કરવામાં આવ્યો છે અને પોલીસ ટીમો ટ્રાફિકની અવરજવરમાં મદદ કરી રહી છે.

હવામાન કેન્દ્ર શિમલાએ સોમવારે સિરમૌર, સોલન, શિમલા અને બિલાસપુર જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું હતું. ૧ થી ૪ જુલાઈ સુધી યલો એલર્ટ રહેશે. સોલન, કાંગડા, મંડી અને સિરમૌરના કેટલાક ભાગોમાં પૂરની પણ અપેક્ષા છે.

## અદાણી ગ્રીન એનર્જીએ ભારતનો સૌથી મોટો ૧૫,૦૦૦ મેગા વોટથી વધુ સ્થાપિત નવીનીકરણીય ઉર્જા ક્ષમતા સાથે વિક્રમ સ્થાપ્યો

**૧૦,૦૦૦ મેગા વોટ હાંસલ કર્યાના માત્ર ૧૫ માસમાં ૫,૦૦૦ મેગાવોટથી વધુ વીજળી પ્રવાહ ચાલુ કરાયો**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૩૦**

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) એ ૧૫,૦૦૦ મેગા વોટની કાર્યકારી ક્ષમતાને વટાવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરવા સાથે હવે આ ક્ષમતા ખાસ કરીને ૧૫,૫૩૯.૯ મેગા વોટના નવા શિખરે પહોંચી છે. ક્ષમતામાં ઉમેરાની આ સિદ્ધિ ભારતમાં અત્યાર સુધીનો સૌથી ઝડપી અને વિરાટ છે. ઓપરેશનલ પોર્ટફોલિયોમાં ૧૧,૦૦૫.૫ મેગા વોટ સૌર, ૧,૯૭૭.૮ મેગા વોટ પવન અને ૨,૫૫૬.૬ મેગા વોટ પવન-સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. AGEL ભારતની પ્રથમ અને એકમાત્ર નવીનીકરણીય ઉર્જા કંપની છે જેણે, મુખ્યત્વે ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ્સ દ્વારા આ સીમાચિહ્ન સમાન સિદ્ધિ મેળવી છે.



આ સીમાચિહ્ન હાંસલ કરવાની ક્ષણને ગૌરવ ગણાવતા કંપનીના સી.ઈ.ઓ. આશિષ ખન્નાએ જણાવ્યું હતું કે "૧૫,૦૦૦ MWનું સીમાચિહ્ન અમારી ટીમના અવિરત ધ્યાન અને સમર્પણનો પુરાવો છે. અમારા પ્રયોજકોના દૂરંદેશી નેતૃત્વ અને રોકાણકારો, ગ્રાહકો, ટીમ અને ભાગીદારોના અવિશ્વસનીય સમર્થન વિના આ કાર્ય શક્ય નથી, જેઓ દરેક પગલે અમારી સાથે ઉભા રહ્યા છે. નવીનીકરણીય ઉર્જામાં અદાણીને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાની શ્રી ગૌતમ અદાણીની મહત્વાકાંક્ષાથી પ્રેરિત થઈને, AGEL નવીનતા અને કાર્યકારી શ્રેષ્ઠતામાં નવા માપદંડો પ્રસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. આ લક્ષ્ય સિધ્ધિ સાબિત કરે છે કે સ્વચ્છ ઉર્જા અભૂતપૂર્વ સ્કેલ અને ગતિએ પહોંચાડી શકાય છે. અમારું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ૧૫,૦૦૦ MW થી ૫૦,૦૦૦ MWના ઉત્પાદન સુધી વધુ ઝડપથી પહોંચવાનું અને ટકાઉ ઉર્જા માટેના ઉકેલો સાથે ભારત અને વિશ્વને ઉર્જા આપવાના અમારા મિશનમાં અડગ રહેવાનું છે."

કંપનીનો ૧૫,૫૩૯.૯ MWનો ઓપરેશનલ પોર્ટફોલિયો લગભગ ૭.૯ મિલિયન ઘરોને વીજળી આપી શકે છે. ઉત્પાદિત સ્વચ્છ ઉર્જા વ્યક્તિગત ૧૩ ભારતીય રાજ્યોને ઝળાહળા કરી શકવા સાથે AGELનો ઓપરેશનલ પોર્ટફોલિયો સમગ્ર ઉત્તરપૂર્વીય ક્ષેત્રને નવીનીકરણીય ઉર્જાથી વીજળી આપી શકે છે. આ સીમાચિહ્ન AGEL દ્વારા અદભૂત ગતિ અને સ્કેલ પર ભારતને સ્વચ્છ અને સસ્તી ઊર્જા પ્રદાન કરવાના ૧૦ વર્ષ પૂર્ણ થવા સાથે તાલમેલ સાધે છે. આ પ્રકલ્પની મુખ્ય લાક્ષણિક બાબતમાં ૫૫ મિલિયન સોલર મોડ્યુલો અને ૧,૧૭૭ વિન્ડ ટર્બાઇનની સ્થાપના કરવા સાથે ૩,૭૦૦ હરીત નોકરીઓનું સર્જન કર્યું છે.

ગુજરાતના ખાવડા વિસ્તારમાં નિર્માણાધિન વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટનો નવીનીકરણીય ઉર્જા પ્લાન્ટ નવીનીકરણીય ઉર્જા પ્રકલ્પ પૂર્ણ થયા પછી તે તમામ ઉર્જાસ્ત્રોતોમાં ધરતી ઉપરનો સૌથી મોટો ઉર્જા પ્રકલ્પ હશે. AGEL એ અત્યાર સુધીમાં ખાવડામાં ૫,૩૫૫.૯ મેગા વોટ નવીનીકરણીય ઉર્જાના સંગ્રહની ક્ષમતા કાર્યરત કરી છે. ખાવડામાં ઝડપી પ્રગતિ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગા વોટની બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતાના ભારતના લક્ષ્ય પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

અદાણી ગ્રીન એનર્જી લિ.નો સમગ્ર ઓપરેશનલ પોર્ટફોલિયો વોટર પોઝિટિવ તરીકે પ્રમાણિત છે. AGEL ને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના પર્યાવરણીય, સામાજિક અને શાસન વિષયમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬: વિશ્વનો સૌથી મોટો સિંગલ લોકેશન સોલાર પ્રોજેક્ટ
નાણાકીય વર્ષ ૨૩: વિશ્વનો સૌથી મોટો સિંગલ લોકેશન હાઈબ્રિડ ક્લસ્ટર
આગામી સીમાચિહ્ન: વિશ્વનો સૌથી મોટો સિંગલ લોકેશન રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ

તમિલનાડુના કામુથી, ખાતે ૬૪૮ મેગા વોટ રાજસ્થાનના જેસલમેર, ખાતે ૨,૧૪૦ મેગા વોટ ગુજરાતના ખાવડા, ખાતે ૩૦,૦૦૦ મેગાવોટ

## ઈરાને ટ્રમ્પનો બદલો ઈલોનથી લીધો

# સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ આપતી સ્ટારલિંક સામે ઈરાને પ્રતિબંધ મૂક્યો

**ઈરાનની સંસદે સ્ટારલિંક જેવી સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓ સહિત લાઈસન્સ વિનાના ઈલેક્ટ્રોનિક સંચાર ઉપકરણોના ઉપયોગને ગુનાઈત બનાવતો કાયદો પસાર કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૩૦**

ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો બદલો ઉદ્યોગપતિ ઈલોન મસ્કથી લીધો છે. ઈરાનની સંસદે દેશમાં ઈલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક પર પ્રતિબંધ મૂક્યો છે.

ઈરાનની સંસદમાં કહેવામાં આવ્યું છે કે, સ્ટારલિંક મંજૂરી વિના દેશમાં કાર્યરત હતી અને દેશની સાર્વભૌમત્વને જોખમમાં મૂકી રહી હતી. અહેવાલો અનુસાર, ઈરાનની સંસદે સ્ટારલિંક જેવી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ સહિત લાઈસન્સ વિનાના ઈલેક્ટ્રોનિક સંચાર ઉપકરણોના ઉપયોગને ગુનાઈત બનાવતો કાયદો પસાર કર્યો છે. આ હેઠળ, ગુનેગારોને જેલની સજાનો સામનો કરવો પડશે. સ્ટારલિંકનો ઉપયોગ ઈન્ટરનેટ પ્રતિબંધો અને સ્થાનિક કંપનીઓની નબળી સેવાને કારણે કરવામાં આવ્યો હતો. ઈરાની અધિકારીઓને હવે ડર છે કે બિન-નિરીક્ષણ કરાયેલ મોબાઈલ ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કથિત ઈઝરાયલી જાસૂસોને તેલ અવીવનો સંપર્ક કરવામાં સક્ષમ બનાવી શકે છે. ઈઝરાયલ સાથેના ૧૨ દિવસના યુદ્ધ અને વિદેશી પ્રભાવ અને માહિતી નિયંત્રણ અંગે વધતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને ૨૩મી જૂને ઈરાની સંસદમાં આ કાયદો રજૂ કરવામાં આવ્યો છે.

એવા અહેવાલો સામે આવ્યા હતા કે, યુદ્ધ દરમિયાન ઈરાનમાં ઈન્ટરનેટ પ્રતિબંધ હોવા છતાં ઘણાં લોકો સ્ટારલિંકનો ઉપયોગ કરી રહ્યા હતા. આનાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો વધે છે. 'રાષ્ટ્રીય સુરક્ષા, હિત વિરુદ્ધ ઈઝરાયલ અને દુશ્મન દેશો સાથે જાસૂસી અને સહયોગ માટે દંડમાં વધારો' શીર્ષક ધરાવતા આ કાયદામાં ૯ કલમો છે. તે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાતી વિવિધ પ્રવૃત્તિઓ માટે કડક સજાની જોગવાઈ કરે છે. નવા કાયદા હેઠળ, ઈઝરાયલ અને અન્ય દુશ્મન રાજ્યો સાથે કોઈપણ ગુપ્ત માહિતી શેર કરવા પર મૃત્યુદંડની સજા છે.

## શેફાલી જરીવાલાને લઈને ભાઈએ કર્યો ચોંકાવનારો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૦**

કાંટા લગા ફેમ ગર્લ એક્ટ્રેસ શેફાલી જરીવાલાના આકસ્મિક નિધનથી મનોરંજન જગત હચમચી ગયું છે. પરિવારના સભ્યો અને ફેન્સ પણ તેના નિધનથી દુઃખી થઈ ગયા છે. એક્ટ્રેસને અંતિમ વિદાય આપવા મિત્રો અને પરિવારના લોકો પહોંચી રહ્યા છે. આ બધા વચ્ચે એક્ટ્રેસના માનેલા ભાઈ અને સોશિયલ મીડિયા સેન્સેશન હિંદુસ્તાની ભાઉ ઉર્ફે વિકાસ ફાટક પણ તેના અંતિમ દર્શન કરવા માટે પહોંચ્યા હતા અને તેઓ શેફાલીના નિધનથી એકદમ વ્યથિત થઈ ગયા છે. તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

આવો જોઈએ શું કહ્યું શેફાલી જરીવાલાના આ માનેલા ભાઈએ. શેફાલી જરીવાલા દર વર્ષે હિંદુસ્તાની ભાઉને રાખડી બાંધતી હતી, પરંતુ તેના નિધન બાદ હવે આ પરંપરા અહીં જ અટકી જશે. આ વખતે રક્ષા બંધન પર હિંદુસ્તાની ભાઉનો કાંડો ખાલી રહી જશે. હિંદુસ્તાની ભાઉ અને શેફાલી વચ્ચે સ્ટ્રોન્ગ કનેક્શન છે અને બંને જણ સાથે મળીને ગણેશોત્સવ દરમિયાન ગણપતિ બાપ્પાનું સ્વાગત કરતાં હતા.

શેફાલી અને વિકાસ બંને જણ સલમાન ખાનના રિયાલિટી ટીવી શો બિગ બોસ-૧૩માં મળ્યા હતા. ત્યાં જ બંને જણ પહેલાં મિત્રો અને ભાઈ-બહેન બની રહ્યા. શો પૂરો થયા બાદ પણ બંને વચ્ચેનો આ સંબંધ જળવાઈ રહ્યો હતો. શેફાલીના નિધન બાદ હિંદુસ્તાની ભાઉ તેને છેલ્લી વખત જોવા માટે કૂપર હોસ્પિટલ પહોંચ્યો હતો અને જેવા તેઓ પોતાની કારમાંથી ઉતર્યા કે તરત જ મીડિયાએ તેને ઘેરી લીધા હતા. આ સમયે હિંદુસ્તાની ભાઉએ પોતાની જાતને સંભાળતા જોવા મળ્યા હતા.

હિંદુસ્તાની ભાઉએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, મારો અને શેફાલીને સંબંધ ખૂબ જ અલગ હતો. મારા માટે એ મારી દીકરી જેવી હતી, ખૂબ જ ખરાબ થયું હતું. ક્યારેય આવું થશે એવું વિચાર્યું નહોતું. વર્ષમાં ત્રણ-ચાર વખત અમારી વાત થતી હતી, રક્ષા બંધન પર, ગણપતિ પર હવે તો ખાલી નામ રહી ગયું છે. ફોનમાં, કોલ નહીં આવે હવે ક્યારેય. હિંદુસ્તાની ભાઉ સાથે સાથે ટીવી એક્ટ્રેસ આરતી સિંહ પણ કૂપર હોસ્પિટલ પહોંચી હતી શેફાલીના અંતિમ દર્શન કરવા માટે અને આ સમયે તે ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. સુરભિ ચંદના પણ પતિ સાથે હોસ્પિટલની બહાર સ્પોટ થઈ ગઈ હતી. ઈન્ડસ્ટ્રીએ એક ટેલેન્ટેડ આર્ટિસ્ટ ગુમાવી દીધો અને એની સાથે સાથે એક સારી વ્યક્તિ પણ. તેમના નજીકના લોકો પણ આ વાતને સ્વીકારી નથી શકયા.

## વાઈસ પ્રેસિડેન્ટ વેન્સની વાટાઘાટો સફળ રહી

# યુએસ સેનેટમાં વિપક્ષોના વિરોધ વચ્ચે ટ્રમ્પનું બિલ મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૩૦**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઘર આંગણે મોટી સફળતા મળી છે. રિપબ્લિકનની બહુમતી ધરાવતી સેનેટમાં ભારે હોબાળા બાદ આખરે ટ્રમ્પે રજૂ કરેલું કર રાહત અને ખર્ચ કપાતનું બિલ મંજૂર થયું છે. મંજૂર થયેલા બિલમાં ડીપોર્ટેશન માટેના નાણામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સેનેટમાં વિપક્ષ ડેમોક્રેટ્સના ૪૭ સેનેટર્સે બિલના વિરોધમાં મત આપ્યો હતો.

ડેમોક્રેટ સાંસદો શરૂઆતથી આ બિલનો ઉગ્ર વિરોધ કરી રહ્યા હતા. સેનેટમાં ચર્ચા દરમિયાન તોફાની માહોલ સર્જાતા વાઈસ પ્રેસિડેન્ટ જે ડી વેન્સે સુકાન સંભાળ્યું હતું અને સેનેટર્સ સાથે સફળ વાટાઘાટો બાદ આ બિલને ૫૧ વિરુદ્ધ ૪૯ મતે મંજૂરી મળી હતી.

ટ્રમ્પની પાર્ટીના જ બે સાંસદોએ વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. યુએસ સેનેટમાં શનિવારે મોડી રાત સુધી પ્રસ્તાવિત બિલ અંગે ચર્ચા ચાલી હતી. ત્રણ કલાક સુધી મતદાન અટવાઈ ગયું હતું અને વિરોધ કરનારા સેનેટર્સ પ્રસ્તાવિત બિલમાં સુધારા કરાવવા માગતા હતા. આખરે કેટલાક સેનેટર્સ સાથે વ્યક્તિગત ચર્ચાઓ બાદ મડાગાંઠ ઉકેલાઈ હતી. જે ડી વેન્સના પ્રયાસોના પગલે ટ્રમ્પને સેનેટમાં મહત્ત્વનો વિજય મળ્યો હતો.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમે સેનેટમાં બહુ મોટો વિજય મેળવ્યો છે. યુએસ સેનેટમાં રિપબ્લિકન્સની બહુમતિ હોવા છતાં ઈચ્છા મુજબ બિલ પસાર કરવામાં અડચણ આવી રહી છે. સેનેટર્સની મંજૂરી મળ્યા પછી રાતભર સેનેટમાં તેના પર ચર્ચા થશે અને સુધારાની દરખાસ્તો રજૂ થશે. ટ્રમ્પનો પક્ષ આ બિલને મંજૂર કરાવવામાં સફળ રહ્યો તો તેને ફરી હાઉસમાં મૂકવામાં આવશે. ફાઈનલ રાઉન્ડના મતદાનમાં આ બિલને બહુમતિ સાથે સમર્થન મળે તો વ્હાઈટ હાઉસમાં મોકલવામાં આવશે. સેનેટમાં રિપબ્લિકન સેનેટર્સની પાતળી બહુમતિ છે. યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મેડિકલ એઈડ, ફૂડ સ્ટેમ્પ્સ તથા અન્ય યોજનાઓના ખર્ચમાં કપાતની દરખાસ્ત રજૂ કરી હતી. આ સાથે તેઓ ૩.૮ ટ્રિલિયન ડોલરની કર રાહતો જાહેર કરવા માગતા હતા. ટ્રમ્પના આ પગલાથી વર્ષ ૨૦૩૪ સુધી અમેરિકામાં ૧૧.૮ મિલિયન લોકો હેલ્થ ઈન્સ્યોરન્સથી વંચિત રહેવાની ભીતિ છે. ડેમોક્રેટ સાંસદોના વિરોધ ઉપરાંત ટ્રમ્પના એક સમયના વિશ્વાસુ સાથીદાર અને હવે વિરોધી બનેલા મસ્કે પણ નવા બિલને વિનાશકારી તથા બુદ્ધિ વગરનું ગણાવ્યું હતું.

## ૯૦ દિવસના ટેરિફ પ્રતિબંધને લંબાવવાની કોઈ યોજના નથી : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૩૦**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફની સમયમર્યાદા ૯ જુલાઈએ સમાપ્ત થઈ રહી છે. આ દરમિયાન ટ્રમ્પે ટેરિફ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. અમેરિકન રાષ્ટ્રપતિએ સ્પષ્ટપણે કહ્યું છે કે ૯ જુલાઈ પછી, તેઓ ઘણા દેશો પર લાદવામાં આવેલા ટેરિફની સમયમર્યાદા લંબાવશે નહીં. તેમણે પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું હતું કે સમયમર્યાદા પૂરી થયા પછી, તેમનું વહીવટીતંત્ર એવા દેશોને નોટિસ જારી કરશે જેમની સાથે કોઈ કરાર થયો નથી. આ દેશો પર ૧૦,૨૫,૩૫ અથવા ૫૦ ટકા સુધીના ભારે ટેરિફ લાદી શકાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, અમે જોઈશું કે કયો દેશ અમારી સાથે કેવો વ્યવહાર કરે છે. અમને તેમની પરવા નથી કે કોણ સારું છે, ઠીક છે, અને કોણ નથી સારું. અમે ફક્ત તેમને ટેરિફની નોટિસ મોકલીશું. ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે આ નોટિસોમાં લખવામાં આવશે કે અમેરિકામાં વ્યવસાય કરવા માટે ભારે ટેરિફ ચૂકવવા પડશે. આ નોટિસ ૯ જુલાઈ પહેલા મોકલવાનું શરૂ થશે.

તમને જણાવી દઈએ કે શુક્રવારે વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે સ્વીકાર્યું હતું કે દરેક દેશ સાથે અલગ અલગ સોદા કરવા એ સરળ કાર્ય નથી. તેમના વહીવટીતંત્રે ૯૦ દિવસમાં ૯૦ વેપાર સોદા કરવાનો ટાર્ગેટ રાખ્યો હતો, પરંતુ ટ્રમ્પે કહ્યું હતું કે ૨૦૦ દેશો સાથે એકસાથે વાટાઘાટો શક્ય નથી. વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ એકસાથે આટલા બધા દેશો સાથે કરાર પર પહોંચવું સરળ નથી.

આ ઉપરાંત, યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પે TikTkoના મુદ્દા પર પણ ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે TikTko માટે ખરીદનાર તૈયાર છે, પરંતુ આ સોદા માટે ચીનની મંજૂરીની જરૂર પડી શકે છે.

ટ્રમ્પને લાગે છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ સોદાને મંજૂરી આપી શકે છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે TikTko અંગે હજુ પણ વાતચીત ચાલી રહી છે અને કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.



## શાહરુખ, સલમાન અને મારે સાથે એક ફિલ્મમાં કામ કરવું છે : આમિર




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૩૦**

તાજેતરમાં આમિરની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થઈ છે, જે બોક્સ ઓફિસ પર પણ સારી ચાલી રહી છે અને દર્શકો તરફથી આ ફિલ્મને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઘણા વિવેચકોએ પણ આ ફિલ્મન વખાણી છે. ત્યારે આજકાલ આમિર વિવિધ ચેનલ અને પ્લેટફર્મ પર પોતાની ફિલ્મનું પ્રમોશન અને ઈન્ટરવ્યુ કરી રહ્યો છે. ત્યારે એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની આગામી ફિલ્મો અને તેની સફર વિશે વાત કરી હતી. આ સાથે તેણે એવું પણ કહ્યું કે તેની લોકપ્રિય ફિલ્મ 'અંદાઝ અપના અપના'ની સિક્વલનું કામ ચાલુ છે. તેણે શાહરુખ અને સલમાન સાથે કામ કરવાની શક્યતાઓ પર પણ વાત કરી હતી.

'અંદાઝ અપના અપના'ની સિક્વલ વિશે વાત કરતા તેણે કહ્યું, ''હાલ આપણે વાત કરી રહ્યાં છીએ ત્યારે રાજ સંતોષી સ્ક્રિપ્ટના ડ્રાફ્ટ પર કામ કરી રહ્યા છે. તો જો બધું જ સરખું થયું અને સરખું ચાલ્યું તો આપણને સિક્વલ જોવા મળશે.''

આમિરની સલમાન અને શાહરુખ સાથે કામ કરવાની ઈચ્છા અંગે તે કહે છે, ''હાલના તબક્કે તો હું એટલું જ કહી શકું કે અમને ત્રણેયને સાથે કામ કરવાની ઘણી ઈચ્છા છે. અમને યોગ્ય ફિલ્મ, યોગ્ય સ્ક્રિપ્ટ મળવી જોઈએ. જો અને જ્યારે એ મળશે, અમે ચોક્કસ સાથે એક ફિલ્મ કરીશું. આશા રાખીએ કે આવું શક્ય બને.''

આ સાથે આમિરને એવું પણ પૂછવામાં આવ્યું કે તે સલમાન અને શાહરુખ સાથે કયા પ્રકારની ફિલ્મમાં કામ કરવા ઈચ્છે છે, ત્યારે આમિરે જાહેર કર્યું હતું કે ''જો અમે કોમેડી જોનરની કોઈ ફિલ્મ કરીએ તો, લોકોને અમારી પાસે એવી અપેક્ષા હશે.'' આ સિવાય આમિરે તેની ફિલ્મી સફર અને અંગત જીવન વિશે પણ વાત કરી હતી. થોડાં વખતથી આમિર ખાન અને રાજકુમાર હિરાની દાદા સાહેબ ફાળકેની બાયોગ્રાફી પર કામ કરી રહ્યા હોવાની ચર્ચા છે. આ પહેલાં હિરાની અને આમિર '૩ ઈડિયટ્સ' અને 'પીકે' જેવી સફળ ફિલ્મ આપી ચૂક્યા છે. તેમણે થોડા વખત પહેલાં જાહેર કર્યું હતું કે તેઓ આ બાયોપિક પર કામ કરી રહ્યા છે અને આ ફિલ્મ ૨૦૨૬ના ક્રિસમસ પર રિલીઝ કરવાની પણ વાત કરી હતી. ત્યારથી તેઓ આ ફિલ્મ કેવી કરશે, તેમાં ક્યા કલાકારો હશે આ અંગે તેમના ફેન્સમાં ઘણી ઉત્સુકતા છે.

ત્યારે તાજેતરના ઈન્ટરવ્યુમાં આમિરે રાજકુમાર હિરાની સાથે ફરી કામ કરવા અંગે વાત કરી હતી. આમિરે કહ્યું હતું કે, ફિલ્મ લગભગ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ફ્લોર પર જશે અને હાલ તેની તૈયારીઓ ચાલી રહી છે. આમિરે કહ્યું, ''મને લાગે છે, ફાળકે એક બહુ જ મોટો પડકાર છે. આ કોઈ સામાન્ય મસાલા એક્શન ફિલ્મ નથી, જેમાં સેટના ભુક્કા થઈને ઉડતાં હોય. આ એક એવા માણસની વાત છે, જેણે એવું કામ કર્યું જે, એ સમયે કોઈ વિચારી પણ શકતું નહોતું. તેઓ સમયથી ઘણા આગળ હતા. તેઓ એક એડવેન્ચરર હતા, તેઓ જીવનથી ભરપુર વ્યક્તિ હતા અને કશુંક નવું કરવાના ઉત્સાહથી ભરપુર હતા. મારા અને રાજુ માટે દાદા સાહેબ પર ફિલ્મ કરવી એ ગૌરવની વાત છે.''

આ પહેલાં આમિર અને હિરાનીએ જે બે હિટ ફિલ્મ કરી છે, તેમાં કોમેડી દ્વારા ગંભીર વાત હળવાશથી કહી દેવાની શૈલી હતી. તો તેમની ફાળકે પરની ફિલ્મ પણ કોમેડી જ હશે? આ અંગે આમિરે કહ્યું, ''મને લાગે છે, રાજુ અને અભિજાત (અભિજાત જોશી, લેખક)નો કોમેડી તરપ ખાસ ઝોંક રહ્યો છે, તેથી મારો પણ છે. અમને ત્રણેયને હ્યુમર ગમે છે અને મને લાગે છે એ જ જોનર છે, જેમાં રાજુને કામ કરવું ગમે છે, ડ્રામા અને હ્યુમર. તો આ ફિલ્મ પણ એ જ જોનરની હશે.''

## ત્રિશા કૃષ્ણને દક્ષિણના મંદિરમાં યાંત્રિક હાથીનું દાન કર્યું

**મંદિરમાં આવતા ભક્તો માટે ભોજનની પણ વ્યવસ્થા કરાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૩૦**

દક્ષિણની અભિનેત્રી ત્રિશા કૃષ્ણને તમિલનાડુના મંદિરોમાં યાંત્રિક હાથીનું દાન કર્યું છે. આ હાથીનું નામ ગજ છે. ત્રિશાએ મંદિરમાં આવતા ભક્તો માટે શાકાહારી ભોજનની પણ વ્યવસ્થા કરી હતી. દક્ષિણની પ્રખ્યાત અભિનેત્રી ત્રિશા કૃષ્ણને તમિલનાડુના અષ્ટલિંગ અતિશેષા સેલ્વા વિનયાગર અને અષ્ટભુજા અતિશેષા વારાહી અમ્માન મંદિરોમાં જીવંત યાંત્રિક હાથીનું દાન કર્યું છે. શુક્રવારે, મંદિરોએ ગજ નામના હાથીનું અનાવરણ કર્યું અને ત્રિશાએ હાજર તમામ ભક્તો માટે શાકાહારી ભોજનની વ્યવસ્થા પણ કરી. પીપલ ફોર કેટલ ઈન ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં, ત્રિશાએ મંદિરોમાં ગજનું દાન કરવાનું કારણ સમજાવ્યું.

ત્રિશા કૃષ્ણને કહ્યું, ''આ સુંદર ક્ષણનો ભાગ બનવા માટે હું ખૂબ જ રોમાંચિત છું. ભક્તિ જ્યારે કરુણામાં મૂળ હોય છે ત્યારે તે સૌથી વધુ ચમકે છે. આપણી મંદિર પરંપરાઓમાં યાંત્રિક હાથીનું સ્વાગત કરવું એ દયા, નવીનતા અને સંસ્કૃતિનો ઉત્સવ છે. તેણીએ એમ પણ કહ્યું, 'અમે અમારા વારસાનું સન્માન એવી રીતે કરી રહ્યા છીએ જે કોઈ નુકસાન ન કરે, પરંતુ ફક્ત સદ્ભાવના કરે. આ પગલું પ્રગતિનું ગૌરવપૂર્ણ પ્રતીક છે, જ્યાં શ્રદ્ધા અને સહાનુભૂતિ એકસાથે ચાલે છે. મને આશા છે કે તે ઘણા લોકોને એવા ભવિષ્યને સ્વીકારવા માટે પ્રેરણા આપશે જ્યાં પ્રેમ ઓમારા રિવાજોનું નેતૃત્વ કરે અને પરંપરાના નામે કોઈને દુઃખ ન ભોગવવું પડે. ત્રિશા કૃષ્ણને આ વર્ષે 'વિદામુઆર્ચી', 'ગુડ બેડ અગ્લી' અને 'ઠગ લાઈફ'માં કામ કર્યું છે. તે ટૂંક સમયમાં 'વિશ્વંભરા' અને 'કરુપ્પુ'માં પણ જોવા મળશે.

## ૨૭ જુને આ ફિલ્મ ફરી રિલીઝ કરવામાં આવી

# ઉમરાઓ જાન માટે સ્મિતા પાટીલ પહેલી પસંદ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૩૦**

રેખાની અતિ લોકપ્રિય ફિલ્મ 'ઉમરાવ જાન' રિલીઝ થઈ એને આજે ૪૪ વર્ષ થઈ ગયા છે, છતાં એ ફિલ્મની લોકપ્રિયતા અકબંધ છે. મુઝફ્ફર અલીએ આ ફિલ્મ ડિરેક્ટ કરી હતી, તેમણે ૨૭ જુને આ ફિલ્મ ફરી રિલીઝ કરી છે. ત્યારે તેમણે મુઝફ્ફર અલીએ આ ફિલ્મ માટે રેખાની પસંદગી, ફિલ્મના સંગીત અને ફિલ્મના શૂટિંગ અંગે એક ઈન્ટર્વ્યુમાં વાત કરી છે. રેખાની પસંદગી અંગે મુઝફ્ફર અલીએ જણાવ્યું, ''શરૂઆતમાં, મેં સ્મિતા પાટીલનો વિચાર કર્યો હતો. એણે મારી સાથે ગમનમાં કામ કર્યું હતું અને તેણે આ ફિલ્મમાં પણ ઘણું સારું કામ કર્યું હોત. પરંતુ પછી અમે વિચાર્યું કે અમારે કોઈ વધુ આકર્ષક વ્યક્તિની જરૂર છે. અંતે, રેખાની નજર અને અદા કામ કરી ગયાં. જ્યારે મેં પાત્ર વાંચ્યું અને તેને જીવ્યો અને સલમા સિદ્દીકીના અવાજમાં રેકોર્ડ થયેલી ફિલ્મ વારંવાર સાંભળી, એમાં રેખા જ દેખાઈ. એની આંખોમાં એ તાકાત હતી, જે એક સાથે ચડાવ અને ઉતારની વાર્તા કહી શકે. રેખાએ જે કર્યું એ મને નથી લાગતું બીજો કોઈ કરી શક્યા હોત.''મુઝફ્ફર અલીએ એવું પણ કહ્યું કે તમારામાં લોકોને થિએટર સુધી ખેંચી લાવવાની ક્ષમતા હોવી જોઈએ. ''તેની પોતાની સુંદરતા ફિલ્મ ટકી શકવી જોઈએ. આપણે ત્યાં એક ખોટી માન્યતા છે કે પહેલાં કે બીજા અઠવાડિયામાં આપણે ઘણા પૈસા કમાઈ લીધાં છે, પરંતુ શું એ ફિલ્મ આવનારા ૪૪ વર્ષ સુધી જીવંત રહેશે? તમારામાં એ કરવાનો જુસ્સો હોવો જોઈએ. કદાચ તમારે પૈસા કમાવા માટે મોટા નામને કાસ્ટ કરવા પડશે, પણ એનાથી કદાચ જ કોઈ ફરક પડે છે.''સામાજિક નિસબત સાથેને અને ઊંડા પાત્રો, જે ઘણી વખત જોખમી ગણાય છે એવા વિષયો સાથે ફિલ્મ બનાવવા માટે જાણીતા મુઝફ્ફર અલી કહે છે, ''હું મારું મન કહે એમ કરું છું. હું એક ચિત્રકાર છું જે દુનિયાને અલગ રંગથી જુએ છે, જેને કવિતામાંથી પ્રેરણા મળે છે અને જે સંગીતથી ભરપુર છે, તેનાથી જેને નૃત્ય કરવાની પ્રેરણા મળે છે. આ મારી પોતાની દૃષ્ટિ હતી એટલે મને આમાં કોઈ જોખમ ન લાગ્યું. મને લાગતું કે આ વિષયોની ફિલ્મ બનાવવી સૌથી સુરક્ષિત છે. કાસ્ટિંગ મહત્વનું હતું, મને લાગે છે, રેખાની હાજરીથી એમાં ઘણો ફરક પડ્યો. પરંતુ મને લાગે છે કે, તેનાથી પણ વધુ લોકો એના પાત્ર સાથે પોતાની જાતને જોડી શક્યા. તેનું આ પરિણામ છે.''

# રશ્મિકાએ વધારે પડતું વિચારવાની પોતાની આદત અંગે વાત કરી : કાશ મારી પાસે મગજ બંધ કરવાની પણ કોઈ સ્વિચ હોત

**ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે તે પણ વધારે પડતું વિચાર્યા કરવાની અને તેના કારણે ભાવુક થઈ જવાય એવી ક્ષણોનો સામનો કરે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૦**

આજના સમયમાં મોટા ભાગના લોકોને વધુ પડતુ વિચારવાની તકલીફ છે, આ તકલીફમાંથી સેલેબ્રિટીઝ પણ બચી શક્યાં નથી. આજકાલ ખુબ લોકપ્રિય થયેલી એક્ટ્રેસ રશ્મિકા મંદાના પણ આ તકલીફ અનુભવે છે.

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ મેન્ટલ હેલ્થની વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, તે વધારે પડતું વિચારીને ભાવુક થઈ જવાય એવી ક્ષણોનો કઈ રીતે સામનો કરે છે. ૨૪ જુને રશ્મિકાએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું હતું કે, તે પણ વધારે પડતું વિચાર્યા કરવાની અને તેના કારણે ભાવુક થઈ જવાય એવી ક્ષણોનો સામનો કરે છે. તેણે કેપ્શનમાં લખ્યું, ''વ્હાલી ડાયરી, તને ખબર છે, એવા પણ દિવસો આવે જ્યારે તમારું મગજ બિલકુલ અટકે જ નહીં? જાણે કે તમારા મગજમાં કોઈ રીલ સતત એકધારી ચાલ્યા જ કરતી હોય.. ''શું મેં સાચું કહ્યું?'' ''મેં શું વધારે કહી દીધું?'' ''શું મારે ચુપ રહેવું જોઈએ?'' હા, એ હું છું.''

તેણે આગળ લખ્યું,''કાશ મારી પાસે એવી કોઈ સ્વિચ હોત, જેને હું બસ બંધ કરી દઉં અને બધો જ ઘોંઘાટ અટકી જાય. પણ ફરી પાછું, જે વ્યક્તિ બીજા લોકો વિશે સતત ચિંતિત હોય એના જીવનનો આ એક ભાગ છે. જો લોકોનું મગજ તેમના દિવસ કરતાં પણ વધારે ગતિએ ચાલે છે, તેઓ એક મિનિટ લે, શ્વાસ લે અને પોતાની જાતને યાદ કરાવે કે બધા જ વિચારો પર ધ્યાન આપવાની જરૂર નથી.''

રશ્મિકાએ આગળ લખ્યું, ''મને ખબર છે, ક્યારેક તમે ચૂપ થઈ જાઓ, એટલા માટે નહીં કે તમને કોઈની પડી નથી, પરંતુ ખોટું થતું હોય ત્યાં તમારી પાસે ઘણું કહેવાનું હોય છે. જ્યાં સુધી તમને તમારા પોતાના શબ્દો વિચિત્ર લાગવા માંડે ક્યાં સુધી તમે લખેલું તમે પોતે ફરી ફરી વાંચ્યા કરો છો. તમે માત્ર એટલું ઈચ્છો છો કે તમને કોઈ સમજે. બસ એટલું જ.'' આગળ તેણે પોતાના અનુભવ વિશે પણ વાત



કરી હતી અને કહ્યું, ''તમે બહુ જલ્દી માફી માગી લો છો. જ્યાં એક અક્ષરનો વિચાર કરવાનો હોય ત્યાં ચાર અક્ષરનો કરો છો. નહીં કહેલી વાતોનો ભાર તમે દિવસો સુધી મન પર લઈને ફરો છો. મને દેખાય છે, એ કરુણા, એ ઈરાદો, એ સ્મિત પાછળની વ્યાકુળતા.''

અંતે રશ્મિકાએ લખ્યું, ''તમે જરા પણ ખોટા નથી. તમે એવા છો, જે ઊંડાણપૂર્વક, સંપુર્ણપણે અને ઈમાનદારીથી લાગણી વ્યક્ત કરો છો. એ ક્યારેય ખરાબ ન હોઈ શકે.''

# વાપીની એલ.જી. હરિયા સ્કૂલમાં સમર યોગ કેમ્પનાં બાળકોને સર્ટિફિકેટ એનાયત કરાયા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૩૦**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (રમત-ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ)ના ચેરમેનશ્રી અને યોગ સેવક શીશપાલ રાજપૂતનાં કુશળ નેતૃત્વ હેઠળ સમગ્ર ગુજરાતમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે સમર યોગ કેમ્પનું આયોજન થયું હતું. જે અંતર્ગત વાપી શહેરમાં પણ એલ.જી. હરિયા સ્કૂલમાં ૧૫ દિવસીય સમર યોગ કેમ્પ યોજાયો હતો. જેમાં અંદાજે ૧૨૦ જેટલા બાળકો ઉત્સાહભેર જોડાયા હતા.

બાળકો આપણા દેશનું ભવિષ્ય છે, દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને એ માટે આપણા બાળકો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય એ ઉદ્દેશથી સમર યોગ કેમ્પમાં એમને યોગ, પ્રાણાયામ, ધ્યાન અને વિવિધ રમતો જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી તેમજ પૌષ્ટિક અલ્પાહાર પણ આપવામાં આવ્યો હતો. બાળકોમાં બાળપણથી જ સારા સંસ્કારોનું સિંચન થાય એ હેતુથી સમર યોગ કેમ્પ દરમિયાન અલગ અલગ વિષયોના વિદ્વાન વ્યક્તિઓ અને વક્તાઓને બોલાવવી એમના માધ્યમથી બાળકો પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સાઉથ ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેના નેતૃત્વમાં વલસાડ જિલ્લાના કો-ઓર્ડીનેટર પ્રીતિબેન વૈષ્ણવનાં હસ્તે તમામ બાળકોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. વાપીમાં આયોજિત ૧૫ દિવસના સમર યોગ કેમ્પનું પૂર્ણ સંચાલન અને સર્ટિફિકેટ વિતરણનાં કાર્યક્રમનું આયોજન વાપીના યોગ કોચ શિતલબેન દ્વારા થયું હતું.

# ચીખલીના લાયન્સ ક્લબના આગામી એક વર્ષ માટે પ્રમુખ તરીકે જાણીતા વેપારી પારસભાઈ વીઠ્ઠલાણીની નિમણૂક



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૩૦**

ચીખલી લાયન્સ ક્લબ ખાતે યોજાયેલી મિટિંગમાં શપથ વિધિ અધિકારી ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી પરેશભાઈ પટેલે એક આગવી ભવ્ય શૈલીમાં ૨૦૨૫-૨૬ના વર્ષ માટે લાયન્સ ક્લબ ચીખલીના પ્રમુખ તરીકે શ્રી પારસભાઈ વિથ્થલાણીની નિમણૂક કરવામાં આવી હતી.

નવા વરાયેલા પ્રમુખ શ્રી પારસભાઈ વિથ્થલાણીએ સંબોધતા જણાવ્યું હતું કે, ચાલુ વર્ષના પ્રમુખ લાયન શ્રી રવીભાઈ ભટ્ટ અને તેમની ટીમે ખૂબ સરસ કામ કરી ક્લબનું મલ્ટીપલ અને ડિસ્ટ્રિક્ટમાં ગૌરવ વધારી સાથે-સાથે એવોર્ડો પણ પ્રાપ્ત કર્યા હતા. અમારા વર્ષમાં અમારી ટીમ સાથે વધુને વધુ સેવાના કાર્યો કરી ક્લબને એક વિશાળ સ્થાને લઈ જવાની ખાતરી આપી હતી.

વધુમાં 'ફૂડ ફોર હંગર' એના ઉપર અમે વિશેષ કામ કરીશું. 'તમે ચાલવાનો પ્રારંભ કરો એ સાથે તમને માર્ગ દેખાય છે' સંત રૂમીના આ શબ્દોની પ્રેરણા લઈ ડિસ્ટ્રીક ગવર્નર શ્રીમતી મોનાબેન દેસાઈ સાથે ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાત પ્રમાણે પ્રોજેક્ટો હાથ ધરવાની વાતો ઉચ્ચારી હતી.

આ શપથવિધિ કાર્યક્રમના અધિકારી ડીસ્ટ્રીક ગવર્નર લાયન શ્રી પરેશભાઈ પટેલ, શ્રીમતી હીનાબેન, રિઝયન ચેરમેન લાયન શ્રી કેયુરભાઈ વસી, લાયન શ્રી ભાવિનભાઈ નાયક, ઝોન ચેરમેન લાયન શ્રી નરેન્દ્રભાઈ પટેલ, લાયન શ્રી સનદભાઈ પટેલ, લાયન્સ ક્લબના મેમ્બરો તેમજ અન્ય ક્લબના મેમ્બરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી ચલા પીએમશ્રી મુખ્ય શાળામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૩૦**

વાપીની પીએમશ્રી ચલા મુખ્ય શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને રેમ્યા મોહન (આઈએએસ, કમિશનર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન એક્ઝિક્યુટિવ ઓફિસર ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન) હાજર રહ્યા હતા. તેમની સાથે ડીઈઓ વલસાડ રાજેશ્રીબેન ટંડેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં બાલવાટિકા અને ધોરણ-૨ થી ૮ માં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને તેની સાથે તેજસ્વી તારલાઓ, દાતાઓ અને શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તથા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દાતાઓ, વાલીઓની બહોળી હાજરીથી સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. સ્થાનિક અગ્રણીઓ પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગુજરાતમાં આગામી ૬ દિવસ અતિભારે વરસાદની આગાહીઃ ૭ જિલ્લામાં રેડ એલર્ટ

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૩૦**

ગુજરાતના અનેક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આજે (૩૦ જૂન) ૨૯ તાલુકામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે સાંજે ૭ વાગ્યાથી આગામી ત્રણ કલાક એટલે કે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લામા રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે ૧ જુલાઈ- ૧૫ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. આગામી ૪થી ૬ જુલાઈ દરમિયાન કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પાટણ, મહેસાણા, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, સુરત જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

# વલસાડ જિલ્લાની વિવિધ આંગણવાડીઓમાં પ્રવેશોત્સવની ધામધૂમથી ઉજવણી સંપન્ન

## આંગણવાડીમાં ૧૩૫૭ કુમાર અને ૧૩૨૪ કન્યા મળી કુલ ૨૬૮૧ બાળકોનો પ્રવેશ કરાવવામાં આવ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૩૦**

રાજ્ય વ્યાપી કન્યા કેળવણી મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ તથા આંગણવાડી પ્રવેશોત્સવની ઉજવણી વલસાડ જિલ્લામાં તા.૨૬, ૨૭ અને ૨૮ જૂન ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી. જેમાં ૧૩૫૭ કુમાર અને ૧૩૨૪ કન્યા મળી કુલ ૨૬૮૧ બાળકોનો આંગણવાડીમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

નાના-નાના ભૂલકાંઓ માટે પ્રવેશોત્સવનો દિવસ યાદગાર બની રહે તે માટે આંગણવાડી કેન્દ્રો સજાવવામાં આવ્યા હતા તેમજ આંગણવાડીમાં ભૂલકાંઓને અવનવી રીતે પ્રેમભર્યો આવકાર આપવામાં આવ્યો હતો. ભૂલકાંઓને બગીની જેમ શણગારેલા બળદગાડામાં, ફુગ્ગાઓથી શણગારેલી સાઈકલ અને રીક્ષામાં, શણગારેલી ગાડી પર ઢોલ વગાડીને ઉત્સાહભેર આંગણવાડીમાં કંકુ પગલાં કરવામાં આવ્યા હતાં. આંગણવાડીમાં પ્રવેશ મેળવેલા બાળકોને વિવિધ દાતાઓ તથા અધિકારીઓ તરફથી સ્કૂલબેગ, ટિફિનબોક્સ, પાણીની બોટલો, છત્રી, સ્લેટ, કલર્સ વગેરે જેવી વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આંગણવાડી પ્રવેશોત્સવ દરમ્યાન રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ, ધરમપુર, કપરાડા અને ઉમરગામના ધારાસભ્યો સર્વશ્રી, ભરત પટેલ, અરવિંદ પટેલ, જીતુ ચૌધરી અને રમણલાલ પાટકર, નગરપાલિકા વહીવટી કમિશનર અને વલસાડ જિલ્લા પ્રભારી સચિવશ્રી રેમ્યા મોહન, ગાંધીનગર સચિવાલયથી વિવિધ વિભાગના સચિવશ્રીઓ અને ઉપસચિવશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો.કરણરાજ વાઘેલા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી નિલમ પટેલ, સરપંચશ્રી અને સભ્યોશ્રી દ્વારા પ્રવેશપાત્ર બાળકોને કીટ આપી હુંફાળો આવકાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનાં અંતે બાળકો તથા મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# પારડી નગરપાલિકા ખાતે વિદાય સમારંભ યોજાયો : સફાઈ કર્મચારી મગનભાઈ ૩૩ વર્ષે વયમર્યાદાને લઈ થયા નિવૃત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૩૦**

નગરને સ્વચ્છ સુઘડ અને સુંદર બનાવવા અને ટકાવી રાખવા સફાઈ કર્મચારીઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહેલી છે શિયાળો હોય ચોમાસુ કે પછી ઉનાળો વર્ષના ૩૬૫ દિવસ તેઓ વહેલી સવારે ઉઠી સૌપ્રથમ સમગ્ર નગરમાંથી કચરો ઉઠાવી ગંદકી સાફ કરી નગરના લોકો ઊઠે તે પહેલા સમગ્ર નગરને ચોખ્ખું અને સ્વચ્છ બનાવી દેતા હોય છે

આવા જ એક સફાઈ કર્મચારી એટલે શ્રી મગનભાઈ લાખાભાઈ તેઓ ૧૯૯૨માં પારડી નગરપાલિકામાં જોડાયા બાદ સતત ૩૩ વર્ષ સુધી સફાઈ કર્મચારી તરીકે સેવા બજાવી આજરોજ વયમર્યાદાને લઈ તેઓ નિવૃત્ત થયા હતા. શ્રી મગનભાઈ શરૂઆતથી જ પોતાના કામ પ્રત્યે નિષ્ઠાવાન હતા અને નગરપાલિકાના અધિકારીઓ, ચૂંટાયેલા સદસ્ય કે પછી નગરના કોઈપણ વ્યક્તિ તેમને કોઈ પણ કામ સોંપે તો તેઓ સહર્ષ સ્વીકારી લઈ આપેલ કામ પૂર્ણ કરતા જેને લઈ નગરપાલિકા કે પછી પારડી નગરના લોકોમાં તેઓ હંમેશા પસંદગીના સફાઈ કર્મચારી તરીકે માનીતા રહ્યા હતા અને એમની આ સારી કામગીરીને લઈ તેઓ એવોર્ડ પણ મેળવી ચૂક્યા છે સાથે સાથે પોતાના લાંબા વાળને લઈ તેઓએ એક અલગ જ ઓળખ ઊભી કરી હતી.

આજરોજ તારીખ ૩૦/૬/૨૦૨૫ના રોજ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેઓ દ્વારા યોજવામાં આવેલ વિદાય સમારંભમાં પારડી નગરપાલિકાના પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, ચીફ ઓફિસર શ્રી બી.બી. ભાવસાર, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી ,આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, શાસકપક્ષના નેતા શ્રીમતી નેહાબેન પટેલ, વિરોધ પક્ષના નેતા શ્રી બીપીનભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ શ્રીમતી રતનબેન પટેલ, પૂર્વ કર્મચારી સંજાણવાલા વિગેરેનાઓએ તેમની કામગીરીને બિરદાવી પોતાના જીવનકાળ દરમિયાન તેમની સાથેના અનેક સસ્મરણો યાદ કરી તેઓ પોતાનું નિવૃત્તિમય જીવન સુખ, શાંતિ અને નિરોગીમય રીતે જીવેની શુભેચ્છા પાઠવી હતી. પૂર્વ પ્રમુખ એવા શ્રી દેવેનભાઈ શાહે પણ પોતે હાજર રહી ન શકતા તેમના માટે શુભ સંદેશો પાઠવ્યો હતો.

આજના આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, ચીફ ઓફિસર શ્રી બી.બી.ભાવસાર, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રીમીત નેહાબેન પટેલ, વિરોધપક્ષના નેતા શ્રી બીપીનભાઈ પટેલ, શ્રીમતી મેઘાબેન ભાવસાર, શ્રીમતી અનિતાબેન રાય, શ્રીમતી ઉષાબેન પટેલ, શ્રીમતી પ્રિયંકાબેન પટેલ, શ્રીમતી ઈલાબેન પરમાર, શ્રી જીગ્નેશભાઈ પટેલ, શ્રી જીગ્નેશભાઈ માંગેલા, શ્રી લાલજી યાદવ, શ્રી શિરીષભાઈ પટેલ, શ્રી બ્રિજેશભાઈ રાય, શ્રી દક્ષેશભાઈ પટેલ, કોંગ્રેસ પક્ષના શ્રી પરવેઝભાઈ તાઈ, શ્રી નાસીરભાઈ શેખ, શ્રીમતી કૃતિકાબેન પટેલ, શ્રી કપિલભાઈ હળપતિ, ડો. લતેશભાઈ સહિત નગરપાલિકાના કર્મચારીગણ, શ્રી મગનભાઈના સગા સંબંધીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એમને મોમેન્ટો, ફુલહાર આપી સાલ ઓઢાવી સન્માન કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠાઃ ૩૬ આરોપીઓને એકસાથે આજીવન કેદની સજા ફટકારાઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા) બનાસકાંઠા, તા.૩૦**

જિલ્લામાં દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં ડીસા ધાણા જમીનમામલે ધીંગાણામાં ૩૬ આરોપીઓને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. ૨૦૦૨નો આ કેસ હતો જેમાં ખેતીની જમીન મામલે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જેના કારણે આ ઘટનામાં ૨ લોકોના મોત નીપજ્યા હતા. સમગ્ર મામલે હાલ દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. જેમાં કોર્ટે બંને પક્ષના ૩૬ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો જમીન વિવાદને લઈને ૨૩ વર્ષ અગાઉ બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ૨ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા અને તે સમયે આ કેસ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. આ મારામારીમાં બંને પક્ષમાંથી બે વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. જેને લઈને કોર્ટ દ્વારા કુલ ૩૬ આરોપીઓને દોષિત જાહેર કરી તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.જોકે આ કેસમાં બંને પક્ષ બાજુથી વિગતવાર માહિતી જોઈએ તો એક પક્ષના ૨૩ જ્યારે બીજા પક્ષના ૧૭ આરોપીઓમાંથી ૪ આરોપીઓના તો કેસ દરમિયાન જ મોત થયા હતા. હાલ ૩૬ આરોપીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારીને મહત્વનો નિર્ણય આપ્યો છે. જેથી ૩૬ આરોપીઓને એકસાથે આજીવન કેદની સજા મળવાનો આ મુદ્દે જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.ઉલ્લેખનીય છે કે સમગ્ર મામલો જમીન વિવાદને લઈને હતો. જેમાં ૨૩ વર્ષ બાદ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. ખેતીની જમીન બાબતે બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ૨ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા.


**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM VINAY TIWARI TO **NEW NAME VINAY KUMAR TIWARI**
& I WILL BE KNOWN AS MY NEW NAME
SD. VINAY KUMAR TIWARI
**Add.** Flat No. E-1/302, Thakur Complex, Behind District Court, Tokarkhada, Silvassa- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

**RAJNIKANT HARILAL PANJARI**
**FATHER OLD NAME:** HARILAL LAXMAN
**FATHER NEW NAME: HARILAL LACMANE**
**ADDRESS:** HOUSE NO. 2867/1, KHARVA WADA, VANAKBARA, DIU - 362570, DAMAN AND DIU.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM SHREYA JATINKUMAR PARMAR TO
**NEW NAME SHREYA JATINSINH PARMAR**
& I WILL BE KNOWN AS MY NEW NAME
**SD. SHREYA JATINSINH PARMAR**
**ADD.** FLAT NO. C-2, GURUDEV COMPLEX-1, SAYLI ROAD, BHASTA FALIYA, SILVASSA- 396230, UT OF DNH&DD


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી મહાનગરપાલિકા દ્વારા જે કામગીરી ચોમાસા પહેલા કરવાની હતી તે કામગીરી ચોમાસામાં શરૂ કરાઈ

**ઠેર ઠેર નાળા-ગટર સમારકામ કરવાની કામગીરી હાથ ધરાઈ છે, આ કામ પહેલા શરૂ થયું હોત તો શહેરમાં વરસાદી પાણી ના ફરી વળત**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

સરકારી તંત્રોની વહીવટીય કામગીરી હંમેશાં રેઢીયાળ અને બેપરવાહ ભરી ચાલતી વારંવાર દેખાય છે. તે પછી મહાનગરપાલિકા હોય, હાઈવે ઓથોરિટી હોય કે પીડબલ્યુડી હોય. આ તંત્ર દ્વારા વર્ષ દરમિયાન થતા વિકાસ કામો કહેવાતા નામ પુરતા સાબિત થતા હોય છે. પ્રત્યેક ચોમાસું સરકારી તંત્રોની કાગળો ઉપર થયેલી કામગીરીની પોલ ખોલી દેતુ હોય છે. કંઈક તેવા હાલ હવાલ વાપી મહાનગરપાલિકાના જોવા મળી રહ્યા છે. હાલમાં મનપા દ્વારા શહેરના અનેક રોડ ઉપર નાળા ગટરની મરામત કામગીરી ચાલી રહી છે. આ કામગીરી ચોમાસા પહેલા થવાની જરૂર હતી તે હવે થઈ રહી છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરી અંગે દાવાઓ કરાઈ હત્યા હતા પરંતુ પ્રથમ ચોમાસામાં જ દાવાઓ વરસાદની સાથે ધોવાઈ ગયા છે. નપા દ્વારા પાછલા દિવસોમાં નાળા સફાઈ અને મરામતની કામગીરી હાથ ધરાઈ હતી ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે જે કામગીરી ચોમાસા પહેલા થવી જોઈતી હતી તે હવે થઈ રહી છે. હાલમાં કોપરલી રોડ વરસાદી પાણી નિકાલ માટે ગટર બની રહી છે. ક્યાંક ગટરની સાફસફાઈ થઈ રહી છે કારણ કે વરસાદે ગટરો જામ કરી દીધી છે. આ નાળું સી-ટાઈપ પાસે બીલખાડીને મળે છે. અત્યારે મનપા દ્વારા જગ્યાએ ગટરોની મરામત અને સફાઈ કામગીરી ચાલી રહી છે. ચાલું વરસાદે થઈ રહેલી કામગીરી કેટલી ટકાઉ હશે તેનો જવાબ ટુંક સમયમાં જ મળી જશે.

# કપરાડા કોલવેરા ગામે ડુંગર ઉપર ૩ કાર ચલાવી જોખમી સ્ટંટ કરનાર સેલવાસના ૫ યુવકો ઝડપાયા





**અજય થોરાત, સચીન ગાવિત, આનંદ ઢીંગા, રાજેશ ભોયા અને પ્રિતેશ રાઉતની પોલીસે અટક કરી જેલ ભેગા કર્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

સોશીયલ મીડિયામાં દંભી પ્રસિદ્ધિ મેળવવા આજકાલના યંગ સ્ટારમાં ભારે ઘેલછા જોવા મળી રહી છે. જોખમી સ્ટંટ કરી વીડિયો વાયરસ કરી પ્રસિદ્ધ મેળવવી સેલવાસના ૫ યુવકોને મોંઘી પડી છે. કપરાડાના કોલવેરા ગામે ડુંગર ઉપર ૩ કાર દ્વારા જોખમી સ્ટંટ કરનારા ૫ યુવકો સામે પોલીસે ગણતરીના કલાકોમાં કાયદેસરની કાર્યવાહી કરી જેલ ભેગા કર્યા હતા.

સેલવાસના અજય થોરાત, સચીન ગાવિત, આનંદ ઢીંગા, રાજેશ ભોયા અને પ્રિતેશ રાઉત નામના યુવકો તેમની ફ્રન્ટી કાર નં. ડીએન-૦૯-ઈ-૦૦૬૯, ડીએન-૦૯-પી-૦૨૨૭ અને જીજે-૧૫-એબી-૦૦૮૪ લઈને કપરાડા કોલવેરા ડુંગર વિસ્તારમાં કાર લઈ ફરવા ગયા હતા. પરંતુ યુવાનીનો જોશ ચઢતા સોશીયલ મીડિયામાં પ્રસિદ્ધિ મેળવવા માટે પાંચેય યુવાનોએ કારમાં જોખમી સ્ટંટ કર્યા હતા. ત્યારબાદ ઈન્ટ્રાગ્રામ હેન્ડલ રાજેશ ભોયા ઉપર સેર કરી વીડિયો વાયરલ કર્યો હતા.૨૮મી જુને બનાવેલા વીડીયો કપરાડા પોલીસને હાથમાં આવતા જ કલાકોમાં જ પાંચેય યુવાનોની ધરપકડ કરી વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વાપી સલવાવ હાઈવે ઉપર દર્દનાક અકસ્માતઃ કન્ટેનરે બાઈકને ટક્કર મારી દેતા યુવાનનું ઘટના સ્થળે મોત





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

વાપી મધ્યેથી પસાર થતો નેશનલ હાઈવે અકસ્માત ઝોન બની ચૂક્યો છે. હાઈવે ઉપર અકસ્માતની ઘટનાઓ વારંવાર બનતી રહી છે તેવી વધુ એક ઘટના વાપી સલવાવ હાઈવે મારૂતિ શો રૂમની સામે હાઈવે ઉપર જઈ રહેલા કન્ટેનર ચાલકે બાઈકને ટક્કર મારી દેતા આગળના ટાયરમાં બાઈક આવી જતા ચાલક યુવાનનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

દર્દનાક અકસ્માતની વિગતો મુજબ ગત સાંજના સમયે સલવાવ પાસે હાઈવે ઉપર રાજસ્થાન પાસિંગ કન્ટેનર નં.આર.જે. ૦૯ જીબી ૯૪૫૨ પસાર થઈ રહ્યું હતુ તે દરમિયાન આગળ બાઈક નં.જીજે ૧૫ જીજી ૯૮ ઉપર સવાર મહેન્દ્ર ધોનીના બાઈકને કન્ટેનરે ટક્કર મારી દેતા બાઈક આગળનો ટાયરમાં ખુડદો બોલી ગયો હતો. સર્જાયેલા કરુણ અકસ્માતમાં બાઈક ચાલક યુવાન મહેન્દ્ર ધોનીનું ઘટના સ્થળે દર્દનાક મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ડુંગરા પોલીસે સ્થળ ઉપર પહોંચીને વધુ આગળની તપાસ હાથ ધરી છે.

# ભીલાડ ડહેલી રેલવે ટ્રેક ઉપર ઈન્ટરસિટી ટ્રેનની અડફેટે અજાણ્યા યુવકનું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

ઉમરગામના ભીલાડ ડહેલી ખાતે રેલવે થાંભલા નં.૧૫૮/૧૭-૧૯ની વચ્ચે અપ લાઈન ગેટ નં. ૭૪ થી સંજાણ તરફ રેલવે ટ્રેક ઉપર તા.૨૦ જૂન ૨૦૨૫ના રોજ સાંજે ૦૬/૨૨ વાગ્યે ઈન્ટરસિટી એક્ષપ્રેસ ટ્રેનની અડફેટે આવી જઈ એક અજાણ્યા ૨૫ થી ૩૦ વર્ષીય અજાણ્યા યુવકનું મોત નિપજ્યું હતું. અજાણ્યો મૃતક શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને સાડા પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. મૃતકે શરીરે કાળા રંગનો પેન્ટ તથા કાળા ગ્રે રંગનો ડિઝાઈન વાળો ફુલ બાયનો શર્ટ પહેર્યો હતો. શરીર પરથી ઓળખના કોઈ નિશાન મળી આવ્યા ન હતા. આ સિવાય ઓળખના પણ કોઈ આધાર પુરાવા મળી આવ્યા ન હતા. જેથી અજાણ્યા મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળે તો ભીલાડ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**૧૯મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ. કરણસિંહ એમ. ઠાકોર
(માજી એજ્યુકેશન અધિકારી)
સ્વ. તા. 01/07/2006
અષાઢ સુદ છઠ

જીવનના અંતિમ પળ સુધી નિરંતર કાર્યશીલ રહી, ધૂપસળીની જેમ જીવન વિતાવ્યુ, જ્યારે વધુ આવશ્યકતા હતી આપની ત્યારે તમે દુર થઈ ગયા, કલ્પવૃક્ષની જેમ આપની છાયા કયાય નહિ મળશે, આ પરિવાર પ્રેમી, શિક્ષા પ્રેમી, આત્માને અમારા કોટિ કોટિ વંદન...
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પિત કરે એવી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ.ચંચળબહેન કે.ઠાકોર (પત્ની)
ધર્મેન્દ્રસિંહ કે.ઠાકોર (પુત્ર)
વર્ષા ધર્મેન્દ્રસિંહ ઠાકોર (પુત્રવધુ)
હિના તખતસિંહ ચૌહાણ (પુત્રી)
રાગીની કુલદીપસિંહ પરમાર (પુત્રી)
મિતાલી,અવની,નમ્રતા,
મનોવિરાજ, હર્ષરાજ, દિવ્યરાજ, વેદાન્શ

એડ્રેસઃ નિખીલેશ્વર, ઈન્ડિયન બેંકની ઉપર, પૃથ્વીરાજ ચૌહાણ માર્ગ, સેલવાસ

# કપરાડાના રોહીયાળ તલાટ ગામે પાંચ પાંડવ કુંડ વિસ્તારમાં પ્રકૃતિનો અદ્‌ભૂત નજારો છવાયો

**ધરમપુર-કપરાડા વિસ્તાર ચોમાસામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી રહી છે, ધોધ અને ઝરણાંઓની આગોશમાં નયનરમ્ય દૃશ્યાવલી સર્જાઈ ચૂકી છે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

વલસાડ જિલ્લો એટલે લીલોછમ્મ વિસ્તારનો ધની છે. જિલ્લાના અંતરીય વિસ્તારોમાં પહાડની ટેકરીઓ વચ્ચે આરવાદિત ઘાસ અને વૃક્ષોની પથરાયેલી પ્રકૃતિની લીલી ચાદરનો અદ્‌ભૂત નજારો સમગ્ર વિસ્તારમાં વેરાઈ ચૂક્યો છે. આ વિસ્તારમાં આવેલ કપરાડા રોહીયાળ તલાટ ગામે પાંચ પાંડવ કુંડ વિસ્તાર અત્યારે ભીની ભીની વરસાદી મૌસમમાં પ્રકૃતિનો અદ્‌ભૂત નજારની આગોશ છવાઈ છે. તેથી જિલ્લાભરના પર્યટકો આ નયનરમ્ય અદભૂત પ્રકૃતિનો નજાર માણવા આકર્ષાઈ રહ્યા છે.

કપરાડા વિસ્તાર ગુજરાતનું ચેરાપુંજી ગણાય છે. અહી ૧૨૫ થી ૧૫૦ ઈંચ જેટલો વરસાદ સરેરાશ પડે છે નાના નાના પર્વતીય વિસ્તાર વચ્ચે વહેતા ઝરણાં અને નદીઓના કલ કલ કોતરો કલરવ માણવો એ અપ્રિતમ લ્હાવો છે. તેથી આ મૌસમની લુપ્ત ઉઠાવવા માટે દિલ મોહક પ્રકૃતિને માણવા નિહાળવા શનિ, રવિએ પર્યટકો દોડી જાય છે. રોહિયાળ તલાટ ગામે પાંચ પાંડવ કુંડ વિસ્તારનું લોકેશન પણ નયનરમ્ય છે.

અહી પર્યટન વિભાગ દ્વારા બનાવાયેલ ઉપવન અને રમતગમનના સાધનો, હિંચકા, બાળકો અને મોટરોઓનું દિલ મોહી રહ્યું છે. આધુનિક તનાવભર્યા જીવનનો ભાર હળવો કરવા પકૃત્તિની ગોદમાં લટાર મારવી રહી.

# ડાંગમાં વરસાદી સીઝનમાં સોળે કળાએ ખીલી ઉઠી પ્રકૃતિ



**(વર્તમાનપ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ડાંગ, તા. ૩૦**

ડાંગમાં વરસાદી સીઝનમાં પ્રકૃતિનો અદભૂત નજારો જોવા મળી રહ્યો છે. વરસાદી સીઝનમાં ધીમી ધારે વરસતા વરસાદમાં એકદમ આહ્લાદક વાતાવરણ બન્યુ છે. ત્યારે પ્રકૃતિની મજા માણવા માટે સહેલાણીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.ડાંગ જિલ્લામાં ધીમીધારે વરસતા વરસાદે સમગ્ર વાતાવરણને આહ્લાદક બનાવી દીધુ છે. ચોમાસું જામતાની સાથે જ દર વર્ષે ડાંગમાં પ્રવાસીઓની ભીડ જોવા મળી છે. આ વર્ષે પણ રાજયના અનેક જિલ્લામાંથી પ્રવાસીઓ ડાંગમાં કુદરતી સૌંદર્યને નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવ્યા છે. ખાસ કરીને અંબિકા નદી ઉપરના ગીરા ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ઉપરાંત સાપુતારામાં ધીમી ધારે વરસતા વરસાદની વચ્ચે પ્રવાસીઓએ બોટિંગ, રોપ-વે અને અન્ય પ્રવૃત્તિઓનો ભરપૂર આનંદ માણ્યો હતો. વરસાદી વાતાવરણ અને ધુમ્મસભર્યા દ્રશ્યોએ પ્રવાસીઓનાં મન મોહી લીધા હતા. મહાલ ઈકો ટુરિઝમ સાઈટ, શબરીધામ અને અંજનકુંડ જેવા ડાંગના અન્ય પ્રવાસન સ્થળોએ પણ પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી. સાપુતારામાં બોટિંગ અને એડવેન્ચર એક્ટિવિટી માણવાનું પણ પ્રવાસીઓ ચુકતા નથી. ડાંગ જિલ્લમાં ચોમાસાની સીઝન અને સાથે રવિવારની રજા હોવાથી બાળકોથી લઈને મોટેરાઓ કુદરતી સૌદર્ય માણવા માટે પહોંચી ગયા છે.

# યુપીએલ અને વનવિભાગના સંયુક્ત પ્રયાસોના પગલે સારસ ક્રેનની વસ્તી વધીને ૨૦૨૫-૨૬માં ૧,૪૭૭ થઈ










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૩૦**

ઉનાળાની ઋતુમાં વર્ષના સૌથી લાંબા દિવસે યોગાનું યોગે યુપીએલે ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ દસમી વાર્ષિક સારસ ક્રેન ગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ઉનાળા દરમિયાનના સૌથી લાંબા દિવસના સમય ગાળામાં મોટા ભાગના જળ પ્લાવિત વિસ્તારો (વેટલેન્ડ્સ) અને ભેજવાળી જમીન સૂકાઈ જાય છે ત્યારે જેના લીધે સારસ ક્રેનનો વિશાળ સમૂહ બારેય મહિના પાણી ભરાઈ રહેતુ હોય તેવા વિસ્તારો આસપાસ એકત્રિત થાય છે જે વસ્તીનું ચોક્કસ મૂલ્યાંકન કરવાની અનોખી તક પૂરી પાડે છે. વર્ષ ૨૦૨૫-૨૬ની ગણતરીમાં કુલ ૧,૪૭૭ સારસ ક્રેન નોંધાયા હતા, જે ૨૦૧૫-૧૬ના મૂળ વર્ષથી ૧૯૫ ટકાનો વધારો દર્શાવે છે.

આ નોંધપાત્ર વધારો ટકાઉ સંવર્ધન પ્રયાસોની સફળતા દર્શાવે છે અને સતત નિવાસસ્થાનની સુરક્ષા તથા સામુદાયિક જોડાણ લોકભાગીદારીનું મહત્ત્વ રજૂ કરે છે.

૧૮ તાલુકાના ૧૯૯ ગામોમાં ૧૪૭ પેટા-પુખ્તવયના લોકો સહિત કુલ ૧,૪૭૭ સારસ ક્રેનનું ડોકયુમેન્ટેશન કરવામાં આવ્યું હતું. લિંબાસી અને વસ્તાના ખાતે કૃષિક્ષેત્રોમાં ૧૫૩ ક્રેન સાથે સૌથી મોટો સમૂહ(Congregation) નોંધાયો હતો. મુખ્ય વેટલેન્ડ સમૂહોમાં ઓઝરાલ્લા (૮૬ ક્રેન), પેરિએજ (૬૯ ક્રેન) અનેત્રાજ (૬૫ ક્રેન)નો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, ઉનાળાની ઋતુ દરમિયાન ૬ પ્રજનન જોડીઓ માળો બનાવતી જોવા મળી હતી, જેમાં આઠ બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યા હતા. જે સારસક્રેનના પ્રજનન વર્તનમાં સંભવિત પરિવર્તન સૂચવે છે. ઉપરાંત જંબુસરમાં પ્રથમ વખત એક સબ એડલ્ટ સાથે સારસક્રેનની જોડી નોંધાઈ હતી.

વિશ્વમાં સૌથી લાંબો પક્ષી જે ઉડવાની ક્ષમતા રાખે છે એવો ભારતીય સારસ ક્રેન ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન) રેડ લિસ્ટ હેઠળ સંવેદનશીલ ગણવામાં આવ્યા છે. પરંપરાગત રીતે જળ પ્લાવિત વિસ્તારોમાં જોવા મળતા આ સારસક્રેને માનવ સાથે સહઅસ્તિત્વ અપનાવી લીધું છે અને ખોરાક તથા પ્રજનન માટે ખેતરો પર વધુને વધુ નભતા થયા છે. જો કે જળ પ્લાવિત વિસ્તારોના રહેવાસોના નુકસાન અને ડિગ્રેડેશન સારસક્રેનની વસ્તીમાં ઘટાડાના મુખ્ય કારણો રહ્યા છે.

**આજે ગુજરાત ગર્વભેર સમગ્ર ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ વાઈલ્ડ સારસ ક્રેન વસ્તી ધરાવે છે જે અમારા પ્રયાસો અને પ્રગતિના ચાલક બળનું પ્રમાણ છે, અમે છેલ્લા ૧૦ વર્ષોમાં તેમના આંકડામાં ૧૯૫ ટકાનો વધારો જોયો છેઃ યુપીએલના સીએસઆર વાઈસ પ્રેસિડેન્ટ ઋષિ પઠાનિયા**

યુપીએલના સીએસઆર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ઋષિ પઠાનિયાએ જણાવ્યું હતું કે, ‘યુપીએલનો સારસક્રેન કન્ઝર્વેશન પ્રોગ્રામ જૈવ વિવિધતાના સંવર્ધન માટે અમારી કાયમી પ્રતિબદ્ધતા દર્શાવે છે.’ છેલ્લા એકદાયકામાં લોકભાગીદારી અને વૈજ્ઞાનિક નિરીક્ષણના મૂળમાં રહેલા અમારા સહયોગાત્મક અભિગમે સારસક્રેન માટે રહેઠાણ સંવર્ધનમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને સ્થાનિક દેખરેખને પ્રોત્સાહન આપ્યું છે. ખેડા અને આણંદ જિલ્લાઓએ સારસક્રેનના આંકડામાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે જે ટકાઉ સંવર્ધન પ્રયાસોની સફળતા દર્શાવે છે. આજે ગુજરાત ગર્વભેર સમગ્ર ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ વાઈલ્ડ સારસક્રેન વસ્તી ધરાવે છે જે અમારા પ્રયાસો અને પ્રગતિના ચાલક બળનું પ્રમાણ છે. નોંધનીય છે કે, અમે છેલ્લા ૧૦ વર્ષોમાં તેમના આંકડામાં ૧૯૫ ટકાનો વધારો જોયો છે.’’

આ ગણતરી અંગે યુપીએલ સારસ કન્ઝર્વેશન પ્રોગ્રામના પ્રોગ્રામ મેનેજર ડો. જતિન્દર કૌરે જણાવ્યું હતું કે, સારસક્રેનની વસ્તી અને નિવાસસ્થાનને વધુ સારી રીતે સમજવા માટે જેમાં વિસ્તારોની તુલનામાં કૃષિક્ષેત્રોમાં નોંધપાત્ર રીતે વધુ સંખ્યા જોવા મળી છે જે સંભવતઃતાજેતરના વરસાદથી રહેઠાણની સ્થિતિમાં ફેરફાર પ્રભાવિત છે.

આ મોટાપાયે ગણતરી એક સહયોગાત્મક પ્રયાસ હતો. જેમાં ૧૨૦ લોકોની સક્રીય ભાગીદારી હતી. જેમાં ૨૪ ગ્રામીણ સારસ સંરક્ષણ જૂથના સ્વયંસેવકો, ૩૧ યુપીએલ કર્મચારી સ્વયંસેવકો, સામાજિક વનીકરણ વિભાગ, નડિયાદના ૮ સ્ટાફ સભ્યો, સ્વૈચ્છિક પ્રકૃતિ સંરક્ષણના ૨૨ સ્વયંસેવકો અને ચાર કોલેજો (ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વીપી સાયન્સ કોલેજ, વિદ્યાનગર, શ્રી આર કે પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, એમએસ યુનિવર્સિટી, વડોદરા), માતર તાલુકાની સરકારી શાળાના ૮ શિક્ષકો અને નેચર હેલ્થ ફાઉન્ડેશન, આણંદના ૬ સ્વયંસેવકો અને ૧૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.